ગિજુભાઈ બધેકાની વાર્તાઓ

# વાર્તાનો વડલો

ભાગ-૧



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

## ગિજુભાઈ બધેકાની વાર્તાઓ

# વાર્તાનો વડલો

## ભાગ-૧




સંકલન અને નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

## લેખન અને સંપાદન

શ્રી સાંઈરામ દવે
ડૉ. હરેશભાઈ ચૌધરી
ડૉ. ભીખુભાઈ એમ. વેગડ
શ્રી રમેશભાઈ નાનજીભાઈ પરમાર
શ્રી અશ્વિનભાઈ ઝાલા
શ્રી આનંદકુમાર દિ. ઠાકર
શ્રી કલ્પેશ પી. પટેલ
શ્રી કવિતા બી. વ્યાસ
શ્રી કિંજલ કે. ગોહેલ
શ્રી કિરીટ ગોસ્વામી
શ્રી ગોપાલકૃષ્ણ એસ. પટેલ
શ્રી ચંદ્રેશકુમાર બી. બોરીસાગર
શ્રી જગદીશગીરી યુ. ગોસાઈ
શ્રી જલ્પા પી. જાડેજા
શ્રી ધવલ પી. ઓઝા
શ્રી નટવરસિંહ ડી. પરમાર
શ્રી નયનાબેન જી. પાઉં
શ્રી નિકેતાબેન એસ. વ્યાસ
શ્રી પરેશભાઈ કોટેચા
શ્રી પોપટભાઈ એલ. ખુંટી
શ્રી પ્રકાશ એમ. પ્રજાપતિ
શ્રી પ્રકાશકુમાર ભટ્ટી
શ્રી રિદ્ધીબેન કે. પટોળીયા
શ્રી વાસુદેવ બી. સોઢા
શ્રી વિશાલભાઈ એ. જોષી
શ્રી શક્તિદાન કે. કુચાલા
શ્રી શરદભાઈ કે. બારૈયા
શ્રી શિલ્પા કે. કથવાડીયા
પ્રો. શ્રી રક્ષાબેન દવે
શ્રી સંજય આર. તલસાણીયા
શ્રી જાનકી સી. પટેલ
શ્રી ડી. એમ. વાલેરા
શ્રી તન્વી એન. ચૌહાણ
શ્રી તરૂણકુમાર કાટબામણા
શ્રી દિવ્યા બી. જાની
શ્રી દીપા જે. પટેલ
શ્રી ધરતી બી. ગિરાણા
શ્રી ધર્મેશકુમાર રામાનુજ
શ્રી ફાલ્ગુની બી. પટેલ
શ્રી બિન્દુ બી. રાઠોડ
શ્રી ભરત કે. મેસિયા
શ્રી મનીષ એસ. સુથાર
શ્રી મહાવીરસિંહ ભગવતસિંહ ગોહિલ
શ્રી મિતલ આર. ખર
શ્રી મિતુલ રાવલ
શ્રી મિનેષ એન. વાણંદ
શ્રી રત્નાભાઈ બી. નાગર
શ્રી રબારી અમરતભાઈ જી.
શ્રી રમેશચંદ્ર સી. મૂલિયા
શ્રી રાકેશકુમાર સી. પટેલ
શ્રી જલ્પાબા વી. ભાટી
શ્રી સલીમ આર. લોહિયા
શ્રી હર્ષદબા એમ. ઝાલા
શ્રી અમિતકુમાર બી. સાસાણી
શ્રી હિરેનભાઈ ભટ્ટ
શ્રી રાજશ્રીબેન ઑષિયા

## ચિત્રાંકન

શ્રી ચંદ્રેશ પાલ્લીઆ
શ્રી ભરતકુમાર બી. સેડાલા
શ્રી લાલજીભાઈ જે. કણઝરીયા
શ્રી ડી. જે. ચાવડા
શ્રી ગૌતમભાઈ ડી. પટેલ
શ્રી જે. બી. પટેલ
શ્રી યોગેશભાઈ આર. વસાવા
શ્રી મહેન્દ્રકુમાર સી. ખાંટ
શ્રી ધીરજકુમાર કે. પટેલ
શ્રી ભરતકુમાર એમ. સેનમા
શ્રી પ્રદિપકુમાર એસ. દોશી
શ્રી અશોક એસ. વસાવા
શ્રી છત્રસિંહ આર. વસાવા
શ્રી અરવિંદસિંહ એસ. ચૌહાણ
શ્રી વૈશાલીબેન સી. પટેલ
શ્રી વર્ષાબેન બી. પટેલ
શ્રી જાનકીબેન ટંડેલ
શ્રી કિશનભાઈ સી. વાડુ
શ્રી જ્યોર્જ એરિક મિસ્ત્રી
શ્રી સહદેવભાઈ આર. પટેલ
શ્રી કમલેશભાઈ એલ. પાડવી
શ્રી રાજેશભાઈ એ. પટેલ
શ્રી જગદીશભાઈ એલ. કાનાણી
શ્રી ગીતાબેન પી. પરમાર
શ્રી વિપુલભાઈ પી. પટેલ
શ્રી નયનાબેન ટી. પ્રજાપતિ
શ્રી ભરતભાઈ વી. અગ્રાવત
શ્રી યોગેશ ચૌધરી
શ્રી બીપીન બી. પટેલ
શ્રી રાજેન્દ્રસિંહ એ. વસાવા
શ્રી ચિરાગભાઈ પી. સુથાર
શ્રી દિપકભાઈ બી. ભાટીયા
શ્રી સુરેશ એચ. પટેલ
શ્રી પ્રદિપભાઈ સી. પટેલ
શ્રી હેતલકુમાર યુ. ટંડેલ
શ્રી વિમલકુમાર આર. પટેલ
શ્રી અશોકભાઈ બી. કાલાણી
શ્રી રમેશકુમાર બી. સમાણી
શ્રી મનસુખભાઈ કે. શેખ
શ્રી ધર્મેશભાઈ એચ. ઠાકર
શ્રી રસિકભાઈ એમ. વાઘેલા
શ્રી અશોકભાઈ જી. પટેલ
શ્રી સુરેશભાઈ ડી. રાવલ
શ્રી રાકેશકુમાર બી. બારોટ
શ્રી નટવરસિંહ યુ. ઝાલા
શ્રી બચુભાઈ એમ. નાયક
શ્રી વિજયકુમાર એમ. પટેલ
શ્રી સ્મિતાબેન ડી. રાણા
શ્રી જીજ્ઞાસાબેન જે. પ્રજાપતિ
શ્રી દિવ્યાબેન ડી. ચૌહાણ
શ્રી ભાવેશભાઈ બી. બોરીસાગર

सत्यमेव जयते

# ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



appro/2021/12/24/ps

તા. ૨૪-૧૨-૨૦૨૧

## સંદેશ

પુસ્તક મનુષ્યનો સાચો મિત્ર છે. શાળાના પુસ્તકોમાં જ્ઞાનની સાથે વાર્તા રજૂ કરવામાં આવે તો બાળકોમાં વ્યવહારિક જ્ઞાનની વૃદ્ધિ થાય છે. આજના યુગમાં બાળકોને ડિજિટલ જ્ઞાન જન્મતાની સાથે જ આવી જાય છે તેવા સમયમાં ગિજુભાઈ બધેકા 'મૂછાળી મા' નામથી પ્રસિદ્ધ વાર્તાકારની રચનાઓનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવે તો વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષાની સુંદરતા અને જ્ઞાન વૈભવની સમજ આવશે.

શિક્ષણ વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા ગિજુભાઈની વાર્તાઓનું નવસંસ્કરણ કરીને નવા સ્વરૂપે બાળકો અને શિક્ષકો સમક્ષ મૂકવાનો પ્રયાસ અભિનંદનીય છે. આવા નવતર વિચાર બદલ હું શિક્ષણ વિભાગ અને GCERT ના નિયામક તેમજ એમની ટીમને અભિનંદન પાઠવું છું.

આ વાર્તાઓ ૨૧મી સદીમાં ગુજરાતના બાળશિક્ષણને ચોક્કસ મદદરૂપ બનશે તેવા વિશ્વાસ સાથે શુભેચ્છા પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree T. S. Joshi,** *(I/C) Director*
Gujarat Council of Educational Research and Training
"Vidya Bhavan" Sector-12,
Gandhinagar - 382012
Email : director-gcert@gujarat.gov.in
M.9898145490

आज़ादी का अमृत महोत्सव

**જીતુભાઈ વાઘાણી**

सत्यमेव जयते

ક્રમાંક : મં.શિ.વિ.પ્રો./VIP-762/૨૦૨૧

મંત્રી,
શિક્ષણ, (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ
અને ટેકનિકલ શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી
ગુજરાત રાજ્ય,
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

તારીખ : 23 DEC 2021

## સંદેશ

વાર્તાના વડલા જેવું નિરાળું વ્યક્તિત્વ ધરાવતા ગિજુભાઈ બધેકાની વાર્તાઓનું આધુનિક સમયને અનુરૂપ સંમાર્જન કરીને શિક્ષકો અને બાળકો સુધી પહોંચાડવાનો આ પ્રકલ્પ અભિનંદનીય છે. આવો પ્રકલ્પ શરૂ કરવા બદલ હું GCERT ના નિયામક અને તેમની ટીમને અભિનંદન આપું છું. આ આખાય પ્રકલ્પમાં સતત સાથે રહીને, નિસ્વાર્થ ભાવે માર્ગદર્શન આપનાર પ્રિય મિત્ર શ્રી સાંઈરામ દવેનો પણ આ તબક્કે આભાર માનું છું.

આપ સૌ જાણો છો એ મુજબ ગુજરાત સરકારે ગિજુભાઈ બધેકાના જન્મ દિવસને બાલવાર્તા દિન તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા દક્ષિણામૂર્તિ-ભાવનગરના સહયોગમાં રહીને અનેકવિધ કાર્યક્રમો યોજાનાર છે.

ગિજુભાઈ બધેકાએ માતાના સ્તરે પહોંચીને બાળકોને શિક્ષણ આપ્યું હતું તેથી એ ‘મૂછાળી મા’ તરીકે પ્રસિદ્ધ થયા. ગિજુભાઈને આવા ઉત્તુંગ શિખરે પહોંચાડનાર આવી ઉજ્જવળ અને ઉર્ધ્વ યાત્રામાં બાળવાર્તાનો ઘણો મોટો ફાળો છે. બાળવાર્તાને શિક્ષણના અસરકારક માધ્યમ તરીકે વાપરી શકાય એવું રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં પણ સ્વીકારાયું છે. આપણી પાસે ગિજુભાઈની કૃપાથી બાળવાર્તાઓનો અત્યંત મૂલ્યવાન ખજાનો છે. આ ખજાનો બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસમાં કામ લાગે એથી રૂડું શું! આવા શુભઆશયથી શિક્ષણ વિભાગે આવી પુસ્તિકાઓ તૈયાર કરવાનો પ્રકલ્પ હાથ પર લીધો છો. શ્રદ્ધેય ગિજુભાઈની વાર્તાઓને અત્યારના સમયને અનુરૂપ સ્વરૂપ આપીને બાળકો સુધી પહોંચાડવાના આખા પ્રકલ્પનો આ પ્રથમ મણકો છે. મને આશા છે કે ગુજરાતનાં બાળકો, શિક્ષકો અને વાલીઓને આ પુસ્તિકા ઘણી ઉપયોગી નિવડશે. પુનઃ આખા પ્રકલ્પમાં જોડાનાર તમામ મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ!

(જીતુભાઈ વાઘાણી)

પ્રતિ
નિયામકશ્રી,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

---

**કાર્યાલય ફોન** : ૦૭૯-૨૩૨૫૦૧૧૧, ૨૩૨૫૦૧૧૫ (ફેક્સ) ૨૩૨૫૧૯૭૯ (નિ) ૨૩૨૫૯૬૯૪
**રહેઠાણ** : બંગલા નં. ૪, મંત્રીશ્રીઓનું નિવાસસ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર, (ગુજરાત)
**E-mail** : min-education@gujarat.gov.in

સત્યમેવ જયતે

ડૉ. વિનોદ રાવ, આઈ.એ.એસ.
સચિવ
(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, ૭ મો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
ફોન : +91-79-23251301, 23251303
ફેક્ષ : +91-79-23251305
E-mail : secedu-pri@gujarat.gov.in

## શુભેચ્છા સંદેશ

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020' માં વાર્તા આધારિત અધ્યાપન શાસ્ત્રનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. શ્રી ગિજુભાઈ બધેકાએ પણ આજથી સો વર્ષ પહેલાં વાર્તાને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના મહત્ત્વના અંગ તરીકે પ્રસ્થાપિત કરી હતી. ગિજુભાઈ બધેકાની વાર્તાઓ સાંભળીને ગુજરાતની ચાર પેઢીઓ દિક્ષિત બની છે. આ વાર્તાઓનું વાર્તાતત્વ બાળકોને આકર્ષિત કરે છે. બાળકો આ વાર્તાઓ દ્વારા ભાષા વૈભવ ઉપરાંત મૂલ્યો પણ શીખે છે. પરંપરાગત રીતે ચાલી આવતી વાર્તાઓમાં સાંપ્રત સમયને અનુરૂપ કેટલાંક પરિવર્તનો થાય એ સમયની માંગને ધ્યાનમાં રાખીને GCERT દ્વારા ગિજુભાઈની વાર્તાઓનું નવસંસ્કરણ કરવામાં આવ્યું છે. બાળકોને ગમી જાય એવાં ચિત્રો સહિતની વાર્તાઓ 'વાર્તાનો વડલો-ભાગ-1' પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ રહી છે, એ પ્રસંગે મીઠા આવકાર સાથે, હું આ કાર્ય સાથે જોડાયેલ તમામ શિક્ષકો અને પ્રશિક્ષકોને અભિનંદન આપું છું.

આ પુસ્તક અને ભવિષ્યમાં આ જ શ્રેણીના આગળના ભાગ તરીકે આવનારા તમામ પુસ્તકો બાળકો અને શિક્ષકોને ખૂબ જ ઉપયોગી બનશે એવી શ્રદ્ધા વ્યક્ત કરું છું.

(ડૉ. વિનોદ રાવ)

# પ્રવેશક

પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે ગિજુભાઈ બધેકાનું પ્રદાન નોંધપાત્ર છે એટલું જ મૂલ્યવાન અને મહત્ત્વનું પણ છે. બાળકોનું શિક્ષણ ખરા અર્થમાં કેળવણી બને એ માટે એમણે કરેલા વિવિધ પ્રયોગો આજે પણ ખપ લાગે એટલા સાર્થક અને મનોવૈજ્ઞાનિક છે. ગિજુભાઈએ શિક્ષણને રસપ્રદ અને બાળભોગ્ય બનાવવા વાર્તાનો એક આકર્ષક માધ્યમ તરીકે, પ્રયુક્તિ તરીકે ઉપયોગ કરેલો. એમણે પસંદ કરેલી વાર્તાઓમાં વાર્તારસની સાથે શૈક્ષણિક કસ પણ સરસ રીતે વણાઈ જતો અને એટલે જ એમને ધાર્યું પરિણામ પણ મળતું. ગિજુભાઈ એમની વાર્તાઓમાં ઈતિહાસ, ભૂગોળ, ભાષા અને ગણિત આદિ કુશળતાથી વણી લેતા અને બાળકો વાર્તા માણતાં-માણતાં સાહજિક રીતે શિક્ષણ પણ પ્રાપ્ત કરતાં. જેનાથી સૌ શિક્ષક-પ્રશિક્ષકો પરિચિત છે.

ગિજુભાઈના જન્મ દિવસને વાર્તા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ નિમિત્તે બાળકોને શાળામાં જ ગિજુભાઈની વાર્તાઓ ઉપલબ્ધ થાય એવા આશયથી આ પુસ્તક તૈયાર કર્યું છે.

ગિજુભાઈની આ વાર્તાઓ વાંચવાની વાર્તાઓ છે એના કરતાંય વધુ તો કહેણીની વાર્તાઓ છે. વાર્તાના કથાવસ્તુની સાથે જ વાર્તાકથકની સજ્જતા અને નિષ્ઠા પણ એટલી જ મહત્ત્વની છે એ પણ આપણે જાણવું-સમજવું રહ્યું.

ગિજુભાઈની આ વાર્તાઓ આજના યુગમાં પણ એટલી જ રસપ્રદ છે અને ઉપયોગી પણ છે કારણ કે, એમાં સનાતન તત્ત્વ છે, પરંતુ સમયની સાથે આપણા જીવનમાં જે પરિવર્તન આવ્યું છે અને કેટલીક પુરાતન બાબતોને સ્થાને નૂતન બાબતો ઉમેરાઈ છે એ ધ્યાનમાં લઈને આ વાર્તાઓના મૂળ સત્ત્વ અને તત્ત્વને જાળવી રાખીને એમાં આજના યુગબોધ મુજબ ફેરફારો કરવામાં આવ્યા છે.

આ પુસ્તક તૈયાર કરવામાં જીસીઈઆરટી - ગાંધીનગર, ડાયટ - ભાવનગર, દક્ષિણામૂર્તિ સંસ્થા, ભાવનગર તેમજ લોકભારતી, સણોસરા સંસ્થાનો સહકાર સાંપડ્યો છે. આ સંકલન જાણીતા હાસ્યકલાકાર અને લોકસાહિત્યકાર સાંઈરામ દવેના સક્રિય અને સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલું છે. જેમાં ગુજરાતના બાળવાર્તાના જાણકાર શિક્ષકો તેમજ લેખકોનો પણ સહકાર મળ્યો છે. આશા છે કે ગિજુભાઈની બાળવાર્તાઓનું આ અભિનવ સંકલન ભાવકો, બાળકો અને શિક્ષકોને પસંદ પડશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ખુલ્લું પાંજરું | ૧ |
| ૨. | શેર સાથે સવા શેર | ૪ |
| ૩. | બાપા કાગડો | ૭ |
| ૪. | સાત પૂંછડિયો ઉંદર | ૧૦ |
| ૫. | ડોશીમા અને તેના ચાર દીકરા | ૧૫ |
| ૬. | મદદની સીડી | ૧૭ |
| ૭. | બિલાડીની જાત્રા | ૧૯ |
| ૮. | જેઠાદાદાની વાર્તા | ૨૧ |
| ૯. | છમવડું | ૨૩ |
| ૧૦. | રાજા સૂપડકર્ણો | ૨૫ |
| ૧૧. | કમાલની કમાણી | ૨૭ |
| ૧૨. | ત્રીજું કોણ? | ૩૦ |
| ૧૩. | ટીડો જાણકાર | ૩૩ |
| ૧૪. | બોલે તે બે ખાય! | ૩૬ |
| ૧૫ | ભટુડીબેનનું ઘર | ૩૮ |




# ગિજુભાઈ બધેકા



ગિજુભાઈ બધેકાનો જન્મ તારીખ ૧૫ નવેમ્બર, ૧૮૮૫ના દિવસે અમરેલી જિલ્લાના ચિત્તળ મુકામે થયો હતો. તેમનું પૂરું નામ ગિરજાશંકર ભગવાનજી બધેકા હતું. કાકાસાહેબ કાલેલકરે તેમને 'બાળસાહિત્યના બ્રહ્મા' કહેલા. તેઓ બાળકોની 'મુછાળી મા' તરીકે પણ ઓળખાય છે!

પોતાના પુત્રની કેળવણી માટે ગિજુભાઈએ ડૉ. મારિયા મૉન્ટેસોરીનાં પુસ્તકો વાંચ્યાં એટલે તેમને બાળકેળવણીની યોગ્ય દિશા મળી. દરમિયાન ભાવનગરની 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન' સંસ્થામાં શિક્ષક અને આચાર્ય થયા અને મૉન્ટેસોરી પદ્ધતિથી બાળકેળવણીનો પ્રારંભ કર્યો. આમ કાયદાના વકીલ થવાને બદલે તેઓ બાળકોના વકીલ થયા!

ગિજુભાઈએ તારાબહેન મોડકના સાથથી બાળકો માટે વિપુલ બાળસાહિત્ય સર્જ્યું. ૧૯૨૯માં તેમને આ સંદર્ભમાં ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રક અપાયો હતો. ગિજુભાઈએ બાળકો માટે, શિક્ષકો માટે અને માતાપિતા - વાલીઓ માટે - એમ ત્રણ કક્ષાનું સાહિત્ય રચ્યું છે. 'વાર્તાનું શાસ્ત્ર' (૧૯૨૫) અને 'દિવાસ્વપ્ન' (૧૯૩૧) - એ બે પુસ્તકો અનેક રીતે નોંધપાત્ર છે.

ગિજુભાઈએ દોઢસો જેટલાં બાળસાહિત્યનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. ગિજુભાઈ બાળસાહિત્યને - બાળકથાને બાળકના મનોઘડતરનું સાધન ગણતા. એ દ્વારા તેમણે બાળકેળવણીનું કાર્ય કર્યું હતું. ગિજુભાઈનું જીવન એટલે બાળકેળવણીની એક જીવંત પ્રયોગશાળા. બાળકોને માહિતીના ગંજ હેઠળ કચડી ના નાખતાં તેમને બધું જ જ્ઞાન રમત-રમતમાં સરસ રીતે અને સ્વયંસ્ફૂરણાથી મળી રહે તે રીતે, દક્ષિણામૂર્તિના સહકાર્યકરોનો સાથ લઈ વિપુલ સાહિત્ય સર્જ્યું. વળી, તેમણે બાળકોનાં શરીર, મન અને ભાવના - આ સર્વનો આનંદમય રીતે વિકાસ થાય તેવો સતત પ્રયત્ન કર્યો. તેમણે વિશાળ પ્રાણીસૃષ્ટિને રજૂ કરતી અનેક બાળકથાઓ આપી છે. તેમની વાર્તાઓમાં જોડકણાંનું આગવું સ્થાન છે.

ગિજુભાઈએ લોકસાહિત્ય, પૌરાણિક સાહિત્ય અને વિદેશી બાળ સાહિત્યનો આધાર લઈને, કેટલીક કથાઓમાં ફેરફાર કરીને આપણને ઘણી વાર્તાઓ આપી છે. તેમણે બાળ અધ્યાપન મંદિર દ્વારા અનેક બાળ શિક્ષકો અને બાળ હિતચિંતકો તૈયાર કર્યા હતા.

બાળકો માટે એક સ્વતંત્ર યુનિવર્સિટી (વિદ્યાપીઠ) હોવી જોઈએ અને તેમના માટે જ્ઞાનકોશ હોવો જોઈએ - એ તેમનાં સ્વપ્ન હતાં. આજે એ બંને સ્વપ્ન સાચાં પડ્યાં છે. ગુજરાતના બાળ સાહિત્ય અને બાળ કેળવણીને રળિયાત કરીને તેઓએ તારીખ ૨૫ જૂન, ૧૯૩૯ના રોજ મુંબઈ ખાતે અંતિમ શ્વાસ લીધા.

# ૧ ખુલ્લું પાંજરું

એક હતો હોલો ને એક હતી હોલી.

હોલો રોજ રાજાને ઘેર ચણવા જાય.

હોલી એને ના પાડે ને કહે : ''રાજાનો કુંવર લાડકો છે. તે તને કોઈ વાર પકડીને રમાડવાની ઈચ્છા કરશે તો રાજા તને પકડીને પાંજરે પૂરશે.''



હોલો કહે : ''રાજાનો કુંવર તો હજી નાનો છે. એ મને કેમ પકડી શકે ? મને પકડવા આવશે તો હું ઊડી જઈશ!''

એક વખતની વાત છે! હોલો તો રાજાને

ઘેર ચણવા ગયો. રાજાના કુંવરની નજર ખરેખર હોલા ઉપર પડી અને કુંવરે તો હોલા સાથે રમવાની હઠ લીધી. એટલે રાજાએ હોલાને પકડી પાંજરે પૂર્યો.

જમતી વખતે હોલો ઘરે ન આવ્યો : એટલે હોલી હોલાને બોલવવા ગઈ. ત્યાં એણે હોલાને પાંજરે પૂરાઈ ગયેલો જોયો.

હોલી કહે :

''હોલા રે હોલા!
સુણ પતિ ભોલા
હું તને વારતી
કેટલું પોકારતી
રાજાનો કુંવર લાડકો
ફૂલી ન થા ફાળકો



જીદ કરશે જબરી
કેદ પડશે કપરી

હોલાએ જવાબ આપ્યો :

'હોલી રે હોલી!
ચિંતા કર મા ભોલી
તું ઘરે જાને!
છોકરાં સંભાળને!



કુંવર આ સાંભળી રડવા લાગ્યો. એણે હોલાને કહ્યું : હું તને નહિ જવા દઉં. મારે હજી રમવું છે. થોડી વાર થઈ, પણ હોલો ઘરે ન આવ્યો. એટલે હોલી પાછી હોલાને બોલાવવા આવી ને બોલી.

''હોલા રે હોલા !



સુણ પતિ ભોલા
હું તને વારતી
કેટલું પોકારતી
રાજાનો કુંવર લાડકો
ફૂલી ન થા ફાળકો
જીદ કરશે જબરી
કેદ પડશે કપરી
પાછો હોલો બોલ્યો :
''હોલી રે હોલી !
ચિંતા કર મા ભોલી
તું ઘરે જા ને!
છોકરાં સંભાળને!''

રાજાનો કુંવર કહે : હું તને નહિ જવા દઉં! હું તો તને મારી સાથે જ રાખીશ! એમ કહી રાજાનો કુંવર હોલાનું પાંજરું લઈને રાજમેહલમાં દોડવા લાગ્યો.

વળી હોલી હોલાને બોલાવવા આવી અને બોલી :

''હોલા રે હોલા !
સુણ પતિ ભોલા
હું તને વારતી
કેટલું પોકારતી
રાજાનો કુંવર લાડકો
ફૂલી ન થા ફાળકો
જીદ કરશે જબરી
કેદ પડશે કપરી.''

ત્યાં તો રાજમહેલની અટારી ઉપર બેઠોબેઠો હોલો બોલ્યો :

''હોલી રે હોલી !
ચિંતા કર મા ભોલી
તું ઘરે જા ને!
છોકરાં સંભાળને!''

હોલાને અટારી ઉપર બોલતો જોઈ રાજાના કુંવરને નવાઈ લાગી. તેણે પાંજરામાં જોયું તો પાંજરાનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો...

કુંવરને તેની ભૂલ સમજાણી કે પાંજરાનો દરવાજો ખુલ્લો હતો. છતાં હોલો પહેલાં કેમ નહિ ઊડ્યો હોય? કુંવરે હોલાને આનું કારણ પૂછ્યું. હોલાએ જવાબ દીધો : ''રાજકુંવર ! તું મારી સાથે રમવા માગતો હતો એટલે હું ન ઊડ્યો! પણ તારા બાપુજીને તું જેમ નાનો રાજકુમાર છે. એમ મારે પણ બે નાનાં-નાનાં રૂપકડાં બચ્ચાં છે. એમણે પણ એની મા પાસે જીદ લીધી છે કે મારા બાપુજી આવશે તો જ અમે ખાઈશું!'' આટલું સાંભળીને રાજકુમાર તો ખુશ થઈ ગયો. એણે હોલાને કહ્યું : ''હોલાભાઈ! તમે તમારાં નાનાં બચ્ચાંને મારી સાથે રમવા મોકલો તો હું તમને જવા દઈશ અને જો તમારાં બચ્ચાં મારી સાથે રમવા રોજ આવશે તો હું બધાંને કાયમ જમાડીશ.''

હોલાએ રાજકુંવરને વચન આપતાં કહ્યું, ''હું કાલે મારા બચ્ચાંને જરૂરથી રમવા મોકલીશ.'' આ સાંભળીને રાજકુંવર રાજીના રેડ થઈ ગયો.

રાજકુંવરને હસતો જોઈ રાજાએ પૂછ્યું : ''કેમ બેટા! આટલો આનંદમાં આવી ગયો.''

રાજકુંવર કહે, ''હવે હું હોલાભાઈનાં બચ્ચાં સાથે રમીશ!''

# ૨ શેર સાથે સવા શેર

એક નાનું ગામ. ગામમાં એક ડોશીમા રહે. એકવાર ડોશીમા ચૂલા માટે બળતણ વીણવા વગડામાં ગયાં. બળતણ વીણતાં-વીણતાં તેમણે ચીભડાનો વેલો જોયો. વેલા પર ચીભડું જોઈ ડોશીમાને તો ખાવાનું મન થયું. એટલે એ તો બળતણ સાથે ચીભડાને ઘરે લઈને આવ્યાં. ડોશીમા તો હાથપગ ધોઈને જ્યાં ચીભડું ખાવા જાય છે ત્યાં ચીભડું બોલ્યું : ''મા, મા ! મને ખાશો મા. હું તો તમારો દીકરો છું!''

ડોશીમાએ તો અચંબો પામીને ચીભડાને બાજુ પર મૂક્યું. થોડીવાર થઈ ત્યાં ચીભડામાંથી એક છોકરો નીકળ્યો. ડોશીમા તો હરખઘેલાં થઈ ગયાં. તેમણે છોકરાનું નામ સાંગો પાડ્યું.

થોડા દિવસ પછી ડોશીમા ફરી બળતણ વીણવા ગયાં. બળતણ સાથે ચીભડું તોડી લાવ્યાં. આ વખતે પણ ડોશીમા જ્યાં ચીભડું ખાવા જાય છે ત્યાં ચીભડું બોલ્યું: ''મા, મા મને ખાશો મા! હું તો તમારો દીકરો છું!''

ડોશીમા તો નવાઈ પામ્યાં. ચીભડાને છેટે મૂક્યું. થોડી વારમાં તેમાંથી બીજું બાળક નીકળ્યું. તેનું નામ ડોશીમાએ સરવણ પાડ્યું.

વળી થોડાક દિવસો ગયા એટલે ડોશીમા ફરી



બળતણ વીણવા ગયાં અને એક સરસ મજાનું ચીભડું તોડી લાવ્યાં. પણ જેવાં એ ચીભડું ખાવા જાય છે ત્યાં ચીભડાને વાચા ફૂટીને તે બોલ્યું : ''મા, મા! મને ન ખાશો, હું તો તમારો દીકરો છું!''

ડોશીમા તો બહુ અચંબામાં પડી ગયાં અને ચીભડાને બાજુએ મૂક્યું. થોડીવારે ચીભડામાંથી એક છોકરો નીકળ્યો, ડોશીમાએ તેનું નામ લાખો પાડ્યું.

ડોશીમાને વળી એક દિવસ ચીભડું ખાવાનું મન થયું. એટલે તે બળતણ વીણવા ગયાં અને બળતણ સાથે મજાનું ચીભડું શોધી લાવ્યાં. ઘરે આવીને ડોશીમા જ્યાં ચીભડું ખાવા જાય ત્યાં તો ચીભડું બોલ્યું : ''માડી! મને ન ખાશો, હું તો તમારો દીકરો છું!''

ડોશીમાએ તો આ વખતે પણ ચીભડાને બાજુ પર મૂક્યું. થોડીવાર થઈ ત્યાં તો તેમાંથી એક છોકરો નીકળ્યો. એ છોકરાનું નામ ડોશીમાએ લખમણ પાડ્યું.

હવે ચીભડાટાણું ઊલી જવામાં હતું એટલે ડોશીમાએ વિચાર કર્યો કે એક વાર જાઉં અને જેવું મળે એવું ચીભડું લાવીને ખાઉં. ડોશીમા તો એક પાકું ને નાનું સરખું ચીભડું લઈ આવ્યાં. પણ જ્યાં તેને ખાવા જાય છે ત્યાં ચીભડું બોલ્યું, ''હં હં, મા! મને ન ખાશો, હું તો તમારું બાળક છું.''

ડોશીમાએ તો ચીભડું ન ખાધું ને બાજુ પર મૂક્યું. તરત જ તેમાંથી એક ઠીંગણું બાળક નીકળ્યું. ડોશીમાએ તેનું નામ ટશુકભાઈ પાડ્યું.



ડોશીમાને તો હવે પાંચ દીકરા! સાંગો-સરવણ-લાખો-લખમણ અને પાંચમા ટશુકભાઈ! પાંચેય દીકરા ખાઈ પીને મોટા થવા લાગ્યા.

એક દિવસની વાત છે. રોજની જેમ ડોશીમા તો જંગલમાં બળતણ વીણવા ગયાં. રસ્તામાં સિંહ મળ્યો, સિંહ કહે :

''ડોશીમા ડોશીમા! હું તમને ખાઉં!

લાગી છે ભૂખ, બીજે ક્યાં જાઉં?

ડોશીમા કહે : ''અરે ભાઈ! મને તે ખવાય? તું તો મારો ભાઈ થાય. તું મને ખાય તો તમારા ભાણેજો રખડે ને?''

સિંહે મનમાં વિચાર કર્યો કે ડોશીમાને એકલાંને ખાવાં એના કરતાં ડોશીમા અને ભાણેજોને બધાંયને ખાવાં તે ઠીક. તે બોલ્યો : ''ડોશીમા! તો હું મારા ભાણેજોને કાલે સાંજે મળવા આવીશ!''

ડોશી કહે : ઠીક.

ઘેર જઈને ડોશીમાએ તો પાંચેય છોકરાઓને બધી વાત કહી અને સાવધાન કરી રાખ્યા.

બીજા દિવસે સાંજે સિંહ આવ્યો.

મામા સાથે સૌ ભાણેજો બેઠા. સિંહ મામાએ ભાણેજોનાં નામ પૂછ્યાં. ભાણેજોએ મામાની સારી સરભરા કરી. પછી ભાણેજોએ મામાને કહ્યું : ''મામા! એક વાર્તા કહો, એટલે સિંહ કહેવા લાગ્યો : -

''પહેલાં તે ખાશું સાંગો સરવણ;

પછી તે ખાશું લાખો લખમણ,

પછી તે ખાશું ટશુકભાઈને,

પછી તે ખાશું ડોહલીબાઈને.

સિંહ પોતે વાત પૂરી કરી પછી ભાણેજોને કહે : ભાણાભાઈ! હવે વાર્તા કહેવાનો વારો તમારો.

છોકરાઓ કહે :

''સાંભળો, મામા!

''હાથડા તે થોભશે સાંગો સરવણ!

પગડા તે ઝાલશે લાખો લખમણ,

માથડું તે કાપશે ટશુકભાઈ રે,

દીવડો તે થોભશે ડોશી બાઈ રે.''

આ વાત સાંભળી સિંહના મનમાં ફાળ પડી, તે ડરી ગયો. પણ ડોશીમાએ સિંહને કહ્યું, તમે તો મારા ભાઈ છો. તમારા ભાણેજડા તમને કદી ન મારે. તમે ખુશીથી અમારી સાથે રહો. પછી તો આ પાંચ ચીભડિયા છોકરા મામા સિંહને કહેવા લાગ્યા,

''હાથડા મિલાવશે સાંગો સરવણ,

પગડા દબાવશે લાખો લખમણ,

માથું તે ઓળશે ટશુકભાઈ રે,

રોટલા ખવડાવશે ડોશીબાઈ રે.''

આ વાત સાંભળી સિંહભાઈ આનંદમાં આવી ગયા અને ડોશી અને એમના પાંચ દીકરા સાથે સુખેથી રહેવા લાગ્યા.

# 3 બાપા કાગડો

એક હતા લાલજીભાઈ. એમને છ-સાત વરસનો એક દીકરો. તેનું નામ ટીનિયો. ટીનિયો બહુ કાલો ને પડપૂછિયો હતો. રોજ તે બાપાની સાથે દુકાને જાય અને બાપને કાંઈનું કાંઈ પૂછ્યા જ કરે. લાલજીભાઈ એટલા બધા શાંત કે દીકરાને રાજી રાખવા માટે એ જે કંઈ પૂછે તેના જવાબ આપ્યા કરે. કોઈ દિવસ ટીનિયાને નાખુશ કરે નહિ. કોઈ દિવસ પોતે ખિજાઈ ન જાય, હંમેશાં ટીનિયો કહે તેમ કરે.

એક દિવસની વાત છે. ટીનિયો બાપાની સાથે દુકાને આવ્યો અને લાડથી બાપાનો ખોળો ખૂંદવા લાગ્યો ને ઠીક લાગે તે પૂછવા લાગ્યો. દુકાનની સામે લીમડાનુ એક ઝાડ હતું. તેના પર એક કાગડો આવીને બેઠો અને 'કો કો' કરવા લાગ્યો. ટીનિયાએ કાગડાને જોયો, એટલે તેની તરફ આંગળી કરીને બાપાને કહ્યું : 'બાપા-કાગડો!' બાપા કહે : 'હા ભાઈ' કાગડો.'

ફરીવાર છોકરાએ બાપાનો હાથ પકડીને કહ્યું : 'બાપા-કાગડો!' બાપાએ ફરીવાર પણ એટલી જ ધીરજથી કહ્યું: 'હા ભાઈ! કાગડો'. જવાબ આપીને બાપા દુકાનના કામમાં જરા રોકાયા, એટલામાં વળી છોકરાએ બાપાનો ગોઠણ હલાવી કહ્યું : 'જુઓ તો બાપા-કાગડો!'

બાપાએ ધંધામાંથી થોડીવાર માટે ધ્યાન કાઢીને ઘણી શાંતિથી કહ્યું : 'હા બેટા! કાગડો'.



બાપા પાછા પોતાના કામમાં લાગ્યા. છોકરાને આટલાથી સંતોષ ન થયો. એ તો બાપાની પાઘડી ખેંચી વળી બોલ્યોઃ 'બાપા-કાગડો!'

બાપાએ જરા પણ ચિડાયા વિના કહ્યું : 'હા બેટા! કાગડો!' છોકરો તો મમતે ચડ્યો અને ફરી પાછો બોલ્યો : 'જુઓ તો ખરા! બાપા-કાગડો!'

બાપાએ ચોપડો લખતાં લખતાં છોકરા સામે જોઈને વળી કહ્યું : 'હા હોં, બેટા! કાગડો. એ કાગડો છે હં.'

થોડીવાર છોકરો કાગડા સામે જોઈ રહ્યો, અને વળી પાછો બાપાનો ખભો જોરથી હલાવીને બોલ્યો : 'બાપા-કાગડો!'

બાપાએ જરા પણ ગુસ્સે થયા વિના કહ્યું : 'હા ભાઈ! 'કાગડો.' આ રીતે છોકરો તો વારેવારે બાપાને 'બાપા-કાગડો!' 'બાપા-કાગડો!' એમ ચીંધતો ગયો, ને બાપા 'હા ભાઈ, કાગડો' હા, ભાઈ કાગડો!' એમ બોલતા જ રહ્યા. છેવટે છોકરો થાક્યો અને 'બાપા-કાગડો' બોલતો બંધ થયો.

લાલજીભાઈ બહુ અગમચેતી ધરાવતા માણસ હતા. એટલે જ એમણે છોકરો જેટલીવાર 'બાપા-કાગડો!' બાપા-કાગડો!' બોલતો ગયો તેટલીવાર તે પોતાના ચોપડામાં 'બાપા-કાગડો!' 'હા, ભાઈ! કાગડો' એ પ્રમાણે લખતા જતા હતા. છોકરો થાકીને બોલતો બંધ થયો ત્યારે લાલજીભાઈએ ગણી જોયું તો બરાબર એકસો વાર 'બાપા-કાગડો' 'હા ભાઈ! કાગડો' લખાયેલું હતું. ભવિષ્યમાં કોઈ દિવસ આ ચોપડો કામ આવશે, એમ વિચારી ડાહ્યા લાલજીભાઈએ ચોપડાને સાચવીને જૂનાં દફતરોમાં મુકાવ્યો.

આ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં. લાલજીભાઈ છેક ઘરડા થઈ ગયા ને તેમનો ટીનિયો મોટો શેઠ બની ગયો હતો. બધે એ ટીનાભાઈ શેઠ તરીકે જાણીતો થયો હતો ને બધે તેનું ઘણું જ માન હતું, પરંતુ તે પોતાના બાપાની સેવા સારી રીતે કરતો નહોતો. લાલજીભાઈને થતું કે પોતે ટીનિયાને કેવા લાડથી ઉછેર્યો છે, પણ એ તો બધું ભૂલી જ ગયો છે! મારે તેને યાદ અપાવવું જોઈએ! એક દિવસ ઘરડો બાપ લાકડીને ટેકે ટેકે દુકાને ગયો અને ટીનિયાની ગાદીએ ચડીને બેઠો. બાપાને જોઈને દીકરો ચિડાયો ને મનમાં બબડ્યો : 'આ ડોસો વળી અહીં ક્યાં આવ્યો? નકામો ટકટકાટ કરશે અને મારો જીવ ખાશે!'

થોડીવારમાં ડોસાએ એક કાગડો જોઈને ઠંડે કલેજે કહ્યું : 'ભાઈ-કાગડો!'

ટીનાભાઈ શેઠ તો ડોસાના પ્રશ્નથી જ વિચારમાં પડ્યા અને ચિડાઈને બોલ્યા : 'હા, બાપા! કાગડો.'

ડોસાએ વળી કહ્યું : 'ભાઈ-કાગડો!'

ટીનાભાઈએ જરા વધારે ચિડાઈને અને કાંઈક તિરસ્કારથી જવાબ વાળ્યો : હા, બાપા! કાગડો.'

એમ શું બોલ્યા કરો છો? મને મારું કામ કરવા દો ને! કહીને ટીનાભાઈ આડું મોં કરીને પોતાને કામે લાગ્યા.

ઘરડા બાપા કંઈ કાચા નહોતા! તેમણે ટીનાભાઈનો હાથ પકડી, કાગડા તરફ આંગળી કરી ફરી ઠંડા પેટે કહ્યું : 'ભાઈ-કાગડો!' હવે ટીનાભાઈનો મિજાજ ગયો. તેમણે વિચાર્યું : 'આ ડોસો જો ને નકામો 'ભાઈ-કાગડો' લવ્યા કરે છે! નથી કાંઈ કામ કે કાજ. નવરો પડ્યો એટલે નકામો લવારો!'

તેણે ડોસા સામે જોઈ કહ્યું, "બાપા ! ઘેર જાઓ. અહીં તમારું શું કામ છે? દુકાને કામકાજમાં નાહક શા માટે ડબડબ કરો છો?" શાંતિથી જરા હસી, કાગડા સામી આંગળી કરી, ડોસો બોલ્યો : 'પણ, ભાઈ-કાગડો!'

'હા, બાપા! કાગડો-કાગડો-કાગડો! હવે તે કેટલી વાર કાગડો બોલશો? અને કાગડામાં તે શું છે તે 'કાગડો' 'કાગડો' કરો છો?' ડોસો ફરીવાર આંગળી કરી 'ભાઈ-કાગડો!' એમ બોલે તે પહેલાં ટીનાભાઈએ વાણોતરને કાગડો ઉડાડી મૂકવાનું કહ્યું. કાગડાને ઉડાડી મુકાવ્યો. પછી લખતો લખતો, પોતાના મનમાં બળતો મોટેથી બબડ્યો : 'ખરેખર, સાઠે બુદ્ધિ નાઠી તે બરાબર સાચું છે. આ ડોસાની બુદ્ધિ હવે છેક ગઈ છે.'

ડોસાની આંખમાં આંસુ આવ્યાં. તેણે જૂના વાણોતરને બોલાવીને પેલો જૂનો ચોપડો કઢાવી ટીનાભાઈના હાથમાં 'બાપા-કાગડો!' 'હા, ભાઈ! કાગડો' લખેલું પાનું મૂક્યું. ટીનાભાઈને તેના બાળપણની સઘળી હકીકત વાણોતરે કહી સંભળાવી.

ટીનિયો તરત બધું સમજી ગયો; તેણે બાપાની માફી માગી અને તે દિવસથી જ બાપાની ખરા દિલથી ચાકરી કરવા લાગ્યો.



## ૪ સાત પૂંછડિયો ઉંદર

એક હતો ઉંદર. એને સાત પૂંછડી હતી. એક વાર એની માએ એને નિશાળે મોકલ્યો. નિશાળે છોકરાં ઉંદરની સાત પૂંછડી જોઈને એને ખીજવવા લાગ્યાં :

સાત પૂંછડિયો ઉંદર, ભાઈ, સાત પૂંછડિયો ઉંદર

સાત પૂંછડિયો ઉંદર, ભાઈ, સાત પૂંછડિયો ઉંદર!

ઉંદર તો રોતો રોતો ઘેર આવ્યો. એની મા કહે : શું કામ રડે છે? નિશાળમાંથી પાછો કેમ આવ્યો?''

ઉંદર કહે : ''ઍં, ઍં, ઍં ! મને બધા ''સાત પૂંછડિયો ઉંદર, સાત પૂંછડિયો ઉંદર'' કહીને ખીજવે છે.''

મા કહે : એમાં શું? જા લાઠીદાદાને કહે, એ તને મદદ કરશે. ઉંદર તો ગયો લાઠીદાદા પાસે. વાંસલા વડે લાકડાની ખુરશીને છોલતાં છોલતાં લાઠીદાદાએ કહ્યું - ''એમાં શું રડે છે? લાવ, હું જ તારી એક પૂંછડી ઓછી કરી દઉં. આમ કહી દાદાએ તો એક પૂંછડી ઓછી કરી દીધી. હવે ઉંદરને છ પૂંછડી રહી.

બીજે દિવસે ઉંદર નિશાળે ગયો ત્યાં છોકરાં પાછાં ખીજવવા લાગ્યાં.

''છ પૂંછડિયો ઉંદર, ભાઈ, છ પૂંછડિયો ઉંદર!

છ પૂંછડિયો ઉંદર. ભાઈ, છ પૂંછડિયો ઉંદર!

પાછો ઉંદર તો ઊં, ઊં, ઊં, કરતો ઘેર આવ્યો ને પલંગ નીચે રિસાઈને બેઠો.



એની મા કહે : ''ક્યાં ગયો ઉંદરડો? એલા જમવા ચાલ : ભૂખ નથી લાગી?

ઉંદર કહે : ''ઍં, ઍં, ઍં ! અમે નહિ જમીએ. અમને બધાં છ પૂંછડિયો ઉંદર, છ પૂંછડિયો ઉંદર કહીને ખીજવે છે.''

મા કહે : ''જા પાછો, લાઠીદાદાને ત્યાં, એક પૂંછડી કપાવી આવ.''

ઉંદરભાઈ તો લાઠીદાદા પાસે ગયા ને વળી એક પૂંછડી કપાવી આવ્યા. હવે ઉંદરને પાંચ પૂંછડી રહી. બીજે દિવસે ઉંદરભાઈ સ્લેટ અને પેન લઈને નિશાળે ગયા.

આઘેથી ઉંદરભાઈને આવતા જોઈને બધાં છોકરાં કહે : ''એ આવ્યા પેલા ઉંદરભાઈ!''

ઉંદરની પાંચ પૂંછડી જોઈને છોકરાં તો વળી ખીજવવા લાગ્યાં :

''પાંચ પૂંછડિયો ઉંદર, ભાઈ, પાંચ પૂંછડિયો ઉંદર પાંચ પૂંછડિયો ઉંદર. ભાઈ, પાંચ પૂંછડિયો ઉંદર!

ઉંદરભાઈ તો ખિજાયા ને ટેં...ટેં....ટેં...ટેં... કરતા ઘેર આવ્યા ને ટેબલ પર બેઠા. એની મા કહે : વળી શું થયું? આમ ટેં...ટેં... કરીને રડે છે શાનો?''

ઉંદર કહે : અમને બધાં પાંચ પૂંછડિયો ઉંદર, પાંચ પૂંછડિયો ઉંદર એમ કહીને ખીજવે છે.''

મા કહે : ''જા પાછો લાઠીદાદાને ત્યાં ને કપાવીને આવ એક પૂંછડી.''

પછી ઉંદરભાઈને ચાર પૂંછડી રહી.

મા કહે : ''હવે જા નિશાળે. હવે તને કોઈ નહિ ખીજવે.''

પાછા ઉંદરભાઈ નિશાળે ગયા. ત્યાં તો બધાંય ખૂબ ખૂબ ખીજવવા લાગ્યાં. ઉંદરભાઈ તો પાછા મોટો રાગડો તાણતા તાણતા ઘેર આવ્યા, ને મોં ચઢાવીને બેઠા.

મા કહે : ચાલને હવે ખાવા? મોં ચડાવીને શું બેઠો છે?''

ઉંદર કહે ચૂં ચૂં ચૂં... અમને બધા ખીજવે છે. હજી બધા કહે છે કે ચાર પૂંછડિયો ઉંદર, ચાર પૂંછડિયો ઉંદર. અમે હવે નિશાળે નહિ જઈએ!'' મા કહે : ''એમ તે થાય, બેટા! એક પૂંછડી કપાવી આવ.

ઉંદરે વળી એક પૂંછડી કપાવી. એટલે તો એને ત્રણ જ પૂંછડી રહી. વળી પાછા લાંબો કોટ પહેરીને એમાં પૂંછડી સંતાડીને ઉંદરભાઈ નિશાળે ગયા. બધાં છોકરાં કહે : આજ તો ઉંદરભાઈ લાંબો કોટ પહેરીને આવ્યા છે!'

પણ ઉંદરભાઈ જ્યાં બધાં સાથે રમવા-કૂદવા લાગ્યા ત્યાં તે બધાંય એની ત્રણ પૂંછડી ભાળી ગયાં.

બધાં છોકરાં કહે : ''અહો! આ તો ત્રણ પૂંછડિયો ઉંદર! ભાઈ! ત્રણ પૂંછડિયો ઉંદર! ત્રણ પૂંછડિયો ઉંદર! ભાઈ ત્રણ પૂંછડિયો ઉંદર!''

ઉંદર તો રોતો રોતો ભાગી જ ગયો; અને ઘરમાં આવીને ફ્રીઝ પાછળ સંતાઈને ચૂંચૂંચૂં કરવા લાગ્યો, પછી તો ઉંદરે ત્રીજી પૂંછડી કપાવી નાખી, તોય બધાં ખીજવવા લાગ્યાં. પાછી બીજી પૂંછડી કપાવી નાખી તોય છોકરાં ખીજવવા

લાગ્યાં. પાછી એક પૂંછડી કપાવી નાખી. પછી તો એને એક પૂંછડી જ રહી.

નાહી ધોઈને ઉંદરજી પાછા નિશાળે ચાલ્યા. મા કહે : "હવે તને કોઈ નહિ ખીજવે. હવે તારે એક જ પૂંછડી છે." પણ ઉંદરભાઈને તો બધાંએ ખૂબ ખીજવ્યા, બધા એક પૂંછડીને અડે અને ખીજવે :

"એક પૂંછડિયો ઉંદર, ભાઈ એક પૂંછડિયો ઉંદર!

એક પૂંછડિયો ઉંદર, ભાઈ, એક પૂંછડિયો ઉંદર."

ઉંદરભાઈ તો પાછા મોટી પોક મૂકતા-મૂકતા ઘેર આવ્યા. મા કહે : વળી રોતો રોતો આવ્યો? તને તે થયું છે શું?"

ઉંદર કહે : "બા, બા! હજી મને બધા ખીજવે છે. કહે છે કે એક પૂંછડિયો ઉંદર!

ભાઈ, એક પૂંછડિયો ઉંદર! બધાંને એકએક પૂંછડી છે તોય ખીજવે છે."

મા કહે : "તો ત્યારે એક પૂંછડી પણ કપાવી આવ." ઉંદરભાઈ પૂંછડી કપાવી આવ્યા. પછી ઉંદરભાઈ તો બાંડા થઈ ગયા!

ઉંદરભાઈ તો નિશાળે ચાલ્યા. તે કહે : "હવે ક્યાંથી ખીજવશે? હવે તો પૂંછડી જ ક્યાં છે?"

નિશાળમાં ગયા ત્યાં તો બધાં છોકરાં ઉંદરભાઈને ઘેરી વળ્યાં અને ખમીસ ઊંચું કરીને ખીજવવા લાગ્યાં : બાંડો ઉંદર! ભાઈ, બાંડો ઉંદર! પૂંછડી વિનાનો બાંડો ઉંદર!"

ઉંદરભાઈ તો સ્લેટ પેન ફેંકીને ભાગ્યા.



[illegible] આવીને લાંબા થઈને સૂતા ને મોટો ભેંકડો તાણીને રોવા લાગ્યા.

મા કહે : "હવે શું છે? હજીયે કેમ રોવા બેઠો છો?"

ઉંદર કહે : "હજી પણ મને તો બધાં ખીજવે છે. એમ કહે છે કે બાંડો ઉંદર, ભાઈ બાંડો ઉંદર!"

ઉંદરની મા કહે : "જા ત્યારે એક પૂંછડી પાછી સંધાવી આવ."

ઉંદર તો લાઠીદાદા પાસે પૂંછડી સંધાવવા ગયો. જઈને કહે : "દાદા! મારી પૂંછડી સાંધી દો ને ?' દાદા કહે : "કપાઈ ગયેલી પૂંછડી તે કાંઈ સંધાતી હશે? જા, જા, પાછો જા."

ઉંદર કહે :

સાંધ મારી પૂંછડી, નહિ તો વાંસલો લઈને ભાગું;

સાંધ મારી પૂંછડી, નહિ તો વાંસલો લઈને ભાગું.

દાદાએ પૂંછડી સાંધી ન દીધી એટલે ઉંદર તો દાદાનો વાંસલો લઈને ભાગ્યો.

રસ્તામાં તેને એક કઠિયારો મળ્યો. તે બિચારા પાસે વાંસલો ન હતો તેથી તે હાથ વડે લાકડાં કાપતો હતો.

ઉંદર કહે, ભાઈ હાથેથી લાકડાં શા માટે કાપે છે? આ લે ને મારો વાંસલો! સરસ મજાનો છે!"

કઠિયારો વાંસલે વાંસલે લાકડાં કાપવા લાગ્યો, ત્યાં તો વાંસલો ભાંગી ગયો. એટલે ઉંદર કહે :

"લાવ મારો વાંસલો, નહિ તો લાકડું લઈને ભાગું;

લાવ મારો વાંસલો, નહિ તો લાકડું લઈને ભાગું.

કઠિયારો વાંસલો તો ક્યાંથી આપે? ઉંદરજી તો લાકડું લઈને ભાગ્યા.

થોડોક આગળ ગયો ત્યાં તેણે એક ડોશી જોઈ. ડોશી ચૂલામાં કપડાં બાળીને રોટલો કરતી હતી. ઉંદર ડોશી પાસે જઈને કહે : "ડોશીમા, ડોશીમા! કપડાં શું કામ બાળો છો! આ લ્યો મારું લાકડું; આ લાકડું બાળીને રોટલો કરો.' ડોશીએ તો લાકડું ચૂલામાં નાખ્યું. થોડીવાર થઈ ત્યાં તો લાકડું બળી ગયું. રોટલા પણ થઈ ગયા. ત્યાં તો ઉંદરભાઈ આવીને કહે, ડોશીમા! ડોશીમા! મારું લાકડું લાવોને! ડોશી કહે : "હવે તો ક્યાંથી પાછું આપું? એ તો બળી ગયું!"

ઉંદર કહે :

લાવ મારું લાકડું, નહિ તો રોટલો લઈને ભાગું;

લાવ મારું લાકડું, નહિ તો રોલટો લઈને ભાગું.

એમ કહી ઉંદર તો રોટલો લઈને ભાગ્યો. ભાગતાં ભાગતાં એક માટીની ભઠ્ઠીએ ગયો. ત્યાં ગારા પાસે ભઠ્ઠીવાળો બેઠોબેઠો દોણામાંથી એકલું દહીં ખાતો હતો.

ઉંદર કહે : "અરે ભાઈ! એકલું દહીં શું કામ ખાય છે? લે ને આ રોટલો. દહીંને રોટલો ખા તો પેટ ઠરે."

તેણે તો રોટલો અને દહીં ઓહિયાં કર્યાં.



ત્યાં ઉંદરભાઈ આવ્યા અને કહે :

''લાવ મારો રોટલો, નહિ તો દોણું લઈને ભાગું;

લાવ મારો રોટલો, નહિ તો દોણું લઈને ભાગું.

ભઠ્ઠીવાળાભાઈ તો રોટલો ક્યાંથી આપે? રોટલો તો એમના પેટમાં પડ્યો હતો!

ઉંદરભાઈ રોટલાને બદલે દોણું લઈને ભાગ્યા. રસ્તામાં ગોવાળનું ઘર આવ્યું.

ગોવાળ પાસે દૂધ દોહવાનું ઠામ ન હતું. એટલે એ બિચારો ખાંડણિયામાં દૂધ દોતો હતો. ઉંદર તો તેની પાસે ગયો ને તેને કહે ''બાપુ! આવા ખાંડણિયામાં તે શીદને દૂધ દોવે છે? લે ને આ દોણું!'' ગોવાળ તો દોણું લઈને દૂધ દોવા બેઠો. ત્યાં ભેંસ ભડકી અને દોણાને પાટું માર્યું. દોણું ફૂટી ગયું. એટલામાં ઉંદર પાછો આવ્યો ને દોણું માગવા લાગ્યો. તે કહે :

''લાવ મારું દોણું, નહિ તો ભેંસ લઈને ભાગું;

લાવ મારું દોણું, નહિ તો ભેંસ લઈને ભાગું.

ગોવાળ કાંઈ દોણું આપે તેમ ન હતો એટલે ઉંદરભાઈ તો ભેંસ લઈને ભાગ્યા.

ભાગતાં ભાગતાં એક ખેતર આવ્યું. ખેડૂતની માતા હળ હાંકતી હતી. ખેડૂતનો એક બળદ મરી ગયો હતો એટલે ખેડૂત જાતે હળમાં જોડાયો હતો.

ઉંદર ખેડૂતની માને કહે : ''અરે મા! આ શું કરે છે? : માણસને હળે જોડાતો હશે?''

મા કહે : ''ભાઈ! શું કરું? એક બળદ મરી ગયો છે ને બીજાના પૈસા નથી. દીકરાને જોડ્યા વિના ખેતર કેમ ખેડાય?''

ઉંદર કહે : ''લે ને ! આ મારી ભેંસ! એ શા કામની છે? એને હળમાં જોડને! ખેડૂત તો ભેંસને હળમાં જોડીને ખેડવા લાગ્યો. તાપમાં હળ ચલાવી ડોશીમા તો બીમાર થઈ ગયાં. ઉંદર તો ડોશીને લઈ દવાખાને ભાગ્યો. ઉંદર કહે ડૉક્ટર...ડૉક્ટર... આ બીમાર ડોશીની દવા કર. ડૉક્ટર તો નાના ઉંદર પર ખુશ થઈ ગયો, તેણે ડોશીની દવા કરી અને ઉંદરની પૂંછડી પણ સાંધી આપી.

દવાખાના બહાર નીકળતા ઉંદરભાઈ તો લહેરથી ગાતા હતા :

ઢીબઢીબાંગ ઢીબઢીબાંગ,
ઢીબઢીબાંગ ઢીબઢીબાંગ.
વાંસલો આપી લાકડું લીધું
લાકડું આપી રોટલો લીધો.
ઢીબઢીબાંગ ઢીબઢીબાંગ.
રોટલો આપી દોણું લીધું,
ઢીબઢીબાંગ ઢીબઢીબાંગ.
દોણા બદલે ભેંસ લીધી,
ઢીબઢીબાંગ ઢીબઢીબાંગ.
ભેંસ મેં ખેડૂત ને દીધી,
ડોશીમાને રાજી કીધી
પૂંછડી મારી સાજી કીધી.

# ૫ ડોશીમા અને તેમના ચાર દીકરા



એક હતાં ડોશી. એમને ચાર દીકરા. એકનું નામ હમર, બીજાનું નામ તમર, ત્રીજાનું નામ સારીંગા, ને ચોથાનું નામ ગની હતું.

ગામમાં એક વાર નાટકમંડળી આવી. એ તો જુદા-જુદા વેશ ભજવે.

છોકરાં કહે : ''માડી અમારે તો આજ નાટક જોવા જવું છે.''

ડોશી કહે : ''ઠીક દીકરા! વહેલા પાછા આવજો. આ આજકાલ ચોરીના સમાચાર બહુ સંભળાય છે! પણ તમતમારે જોઈ આવો નાટક!''

ચારેય છોકરા નાટક જોવા ગયા. ડોશીની બીક સાચી પડી! કારણ કે જેવા એમના છોકરા ગયા કે તરત જ ચોર આવ્યા. ચોરોએ તો ભારે કરી! હાથે ચડ્યું એ બધું જ ઉપાડ્યું. ગોરિયો મૂંજડો બળદ લીધો, ભૂરી-ભગરી ભેંસ લીધી, ઘરમાંથી જે હાથ આવ્યું તે બધુંય લીધું. આ જોઈને ડોશીથી ન રહેવાયું એટલે બોલ્યાં : ''બધું લઈ તો જાઓ છો, પણ હમણાં મારા દીકરાઓ આવે એટલી વાર છે! નાટક જોવા ન ગયા હોત તો તમને ખબર પાડત!''

એક ચોર કહે : 'આ ડોશીનેય ભેગી ઉપાડોને! પછી કોણ આવશે?'

ચોરોએ તો ડોશીને એક પોટલામાં બાંધીને માથે ઉપાડી લીધાં.

બીજા ચોર માલ લઈને ચાલતા થયા. પેલો ચોર કહે : ''તમે દૂરદૂર નીકળી જાઓ. હું નાટક ચાલે છે ત્યાં જાઉં! ડોશીના છોકરાઓને જોવામાં જ રોકી રાખું! એ ચાર ઘેર જાય તો એમને ચોરીની ખબર પડે ને?''

બીજા ચોરોએ એની વાત મંજૂર રાખી.

પેલો ચોર પણ ડોશીવાળું પોટલું માથે લઈને નાટકમાં ભળી જઈ નાચવા લાગ્યો.

બધા કહે : "આ વળી કોઈ નવો વેશ આવ્યો લાગે છે!"

ડોશીના ચારે દીકરા ખાટલા ઉપર બેઠા હતા ત્યાં બેસી જ રહ્યા! એમને થયું કે આ નવો વેશ જોઈને જઈએ! માડી વાટ તો જોતાં હશે, પણ મોડા ભેગું મોડું."

પેલો ચોર તો નાચતો જાય, તાળીઓ પાડતો જાય ને સૌને હસાવતો જાય.

એટલામાં ડોશીએ પોટલામાંથી ચારેકોર નજર ફેરવી જોયું તો દીકરા ખાટલે બેઠેલા.

ડોશી પોટલામાંથી બોલી :

"છોકરા મારા બેઠા થાઓ,

ચોર ઢોર લઈ ગયા, લઈ ગયા.

થૈ થૈ થૈ થૈ તા થૈ થૈ થૈ

માથેથી ડોશી બોલી એટલે પેલો ચોર મૂંઝાયો. મનમાં કહે : "માર્યા ! આ ડોશીએ ખેલ બગાડ્યો.

ચોર તો ડોશીનું કહેવું ન સંભળાય એટલા માટે તાણી તાણીને બોલવા માંડ્યો :

"તું કહેતી સત્ય ડોશી! તું કહેતી સત્ય :

તારાં ઢોર ગયાં કચ્છ! તારાં ઢોર ગયાં કચ્છ!"

એમ કહી ચોરે માથેથી ગાંસડી નીચે પછાડી અને પોતે પોબારા ગણ્યા.

ત્યાં તો "શું થયું? શું થયું?" કરતાં બધા ભેગા થઈ ગયા.

જુએ તો ગાંસડીમાંથી ડોશી બહાર આવ્યાં!

ડોશીએ ઉતાવળે આખી હકીકત કહી સંભળાવી! ત્યાં તો હમર, તમર, સારીંગા ને ગનીભાઈ ચારેકોર દોડ્યા ને ચોરોને પકડી પાડ્યા, ને માલ બધો પાછો લઈ આવ્યા.

ડોશીએ છ મહિના ખાટલે રહી શીરો ખાધો, પણ પોતાના દીકરાઓ ચોરીનો માલ પાછો લઈ આવ્યા એ વાત ડોશી ગૌરવથી સૌને કહેતાં રહ્યાં!



## ૬ મદદની સીડી

ચોમાસાની ઋતુ હતી. હળવો વરસાદ વરસી રહ્યો હતો. એવામાં એક કીડી અને તેનું બચ્ચું પુલ ઉપર ધીમેધીમે ચાલ્યાં જતાં હતાં. સામે છેડેથી એક મહાકાય હાથી ચાલ્યો આવતો હતો. હાથીને જોઈને કીડીનું બચ્ચું તેની મમ્મીને કહેવા લાગ્યું, ''મમ્મી, મમ્મી! જો તો ખરી! પેલા હાથીદાદા કેવા મોજથી ચાલ્યા આવે છે. તેનો પગ આપણા ઉપર પડી જશે તો આપણા તો રામ રમી જશે.'' કીડીબેન કહે, ''તું ચિંતા ન કર, હાથીદાદા તો ખૂબ દયાળુ છે. તે કાંઈ એવું ન કરે!'' એટલામાં તો હાથીભાઈ સાવ નજીક આવી ગયા. કીડીબેને કહ્યું, ''હાથીભાઈ હાથીભાઈ! જરા જોઈને ચાલજો. અમને કચડી ન નાખતા!'' હાથીભાઈ કહે : ''કોઈ વાંધો નહીં, કીડીબેન!'' હાથીભાઈ તો આગળ નીકળી ગયા.

બચ્ચું તો ખૂબ ખુશ થયું ને કહેવા લાગ્યું : ''હાથીદાદા હાથીદાદા, આજે તમે અમને જીવતદાન આપ્યું છે. તો અમારા જેવું કંઈક કામ પડે તો ચોક્કસ કહેજો. અમે પણ તમને મદદરૂપ થઈશું.''

હાથીભાઈ તો મનમાં મનમાં હસવા લાગ્યા, 'અરે! આ નાની અમથી કીડીને તે વળી, મને શું મદદ કરવાની હતી? એવું વિચારતા વિચારતા હાથીભાઈ તો ચાલ્યા જતા હતા. તેવામાં રસ્તા વચ્ચે બેઠેલા એક કાચીંડા સાથે ઝઘડો થયો ને કાચીંડો કૂદકો મારી હાથીભાઈની પૂંછડી પકડી પીઠ ઉપર ચડી સીધો જ એમના કાનમાં ઘૂસી ગયો અને કાનમાં બટકાં ભરવા લાગ્યો. હાથીભાઈની હાલત વસમી થઈ ગઈ. એ તો બેભાન થઈને રસ્તા વચ્ચે પડી ગયા.

આ બાજુ કીડીબેન અને તેમનું બચ્ચું ઘરે



પહોંચ્યાં. બચ્ચું કહે, ''મમ્મી...મમ્મી... તું મને જલદીથી ટીવી શરૂ કરી દે. કીડીબેને તો ટીવી ચાલુ કર્યું. ટીવીમાં સમાચાર આવતા હતા. એમણે જોયું તો હાથીભાઈ રસ્તા વચ્ચે બેભાન પડ્યા છે! કીડીબેન અને તેમનું બચ્ચું તો આ જોઈને ચોંકી જ ગયાં. ''અરે, આ તો પેલા હાથીદાદા! એમને શું થયું હશે?



બેટા! મારે એમની મદદે જવું જ જોઈએ!'' કીડીબેન તો તરત જ ઘટનાસ્થળે પહોંચ્યાં. એ તો ઉતાવળે હાથીના શરીર પર ક્યાં ઈજા થઈ છે એ શોધવા લાગ્યાં. એમને તપાસ કરતાં માલૂમ પડ્યું કે હાથીભાઈના કાનમાં ઈજા થઈ છે. અરે, આ તો કાનમાં કાચીંડો ઘૂસી ગયો છે. તેથી જ હાથીભાઈ બેભાન થઈ ગયા છે. કાચીંડાને બહાર કાઢી દઈએ તો હાથીભાઈ બચી જશે! કીડીબેન તો તરત જ બધી કીડીઓને ફોન કરવા લાગ્યાં. થોડીવારમાં તો કીડીઓ ત્યાં આવી પહોંચી અને પૂછવા લાગી, ''કીડીબેન કીડીબેન! અમારે શું કરવાનું છે?''

કીડીબેન કહે : ''સાથીઓ! આપણે આજે એક સેવાનું કાર્ય કરવાનું છે! આ હાથીભાઈના કાનમાં એક કાચીંડો ઘૂસી ગયો છે. તેને બહાર કાઢવાનો છે!'' તરત જ બધી કીડીઓ હાથીભાઈના કાનમાં જવા માંડી અને કાનમાં રહેલ કાચીંડાને બટકાં ભરવા લાગી. ઓચિંતો હુમલો થયો એથી કાચીંડો બેભાન થઈ ગયો. પછી તો બધી જ કીડીઓએ એક સાથે જોર કરીને એને ખેંચીને હાથીભાઈના કાનમાંથી બહાર કાઢ્યો. એક કીડી ઊંચા અવાજે બોલવા લાગી

એક - દો - તીન - ચાર
કાઢ્યો કાઢ્યો કાઢ્યો બહાર
કોને કોને કાઢ્યો બહાર ?
કાચીંડાને કાઢ્યો બહાર

થોડીવારમાં હાથીભાઈ હોશમાં આવી ગયા. કીડીઓએ એમનો જીવ બચાવ્યો એ જોઈને તેઓ પણ ગાવા લાગ્યા.

કીડી કીડી કીડી
તું મદદની સીડી
કાચીંડાની સામે
બાથ તેં તો ભીડી

પછી તો હાથીભાઈએ બધી જ કીડીઓનો આભાર માન્યો.

# ૭ બિલાડીની જાત્રા

એક હતી બિલાડી. તે રોજ એક માલધારીના ઘરમાં આવે ને ઘરમાં કોઈ ન હોય ત્યારે ઘરમાં આવી ઘી ખાઈ જાય.

પણ એક દિવસ માલધારી બિલાડીને ઘી ખાતાં જોઈ ગયો. માલધારી તો એને મારવા દોડ્યો. બિલાડીનું મોઢું અને માથું ગાડવામાં હતાં. બિલાડીને બીક લાગી એટલે દોડી, પણ ઉતાવળમાં ગાડવામાંથી માથું કાઢી શકી નહિ. તેથી ગાડવો એનાં માથામાં રહી ગયો.

દોડતાં દોડતાં બિલાડી થાંભલાની સાથે ભટકાઈ. તેથી ગાડવો તો ફૂટી ગયો. પણ ડોકમાં ગાડવાનો કાંઠો રહી ગયો.

બિલાડીબાઈના ગળામાં તો કાંઠો રહી ગયો અને પોતે આગળ ચાલ્યા! રસ્તામાં પારેવાં મળ્યાં.

પારેવાં કહે : બિલ્લીબાઈ, બિલ્લીબાઈ! ક્યાં ચાલ્યાં?

બિલ્લી કહે : જાત્રા કરવા.

પારેવા કહે : આ ગળામાં શું છે?

બિલ્લી કહે : એ તો માળા છે.

પારેવાં કહે : અમે સાથે આવીએ?

બિલ્લી કહે : ચાલોને! જાત્રા કરવા આવશો તો પુણ્ય મળશે.

પારેવાં કહે : પણ અમને મારશો તો નહીં ને?

બિલ્લી કહે : ના રે! મારાથી તમને મરાય? હું તો ભગત થઈ છું. જુઓ ને, મારા ગળામાં તો માળા છે ને? હું તો જાત્રાએ જાઉં છું.

પછી પારેવાં બિલ્લીબાઈની સાથે ચાલ્યાં. રસ્તામાં એક ઉંદર મળ્યો, ઉંદર તો ડાકલી વગાડતો વગાડતો બેઠો હતો. તેણે પૂછ્યું : બિલ્લીબાઈ, બિલ્લીબાઈ ક્યાં ચાલ્યાં?

બિલ્લી કહે : જાત્રા કરવા.

ઉંદર કહે : આ ગળામાં શું છે.

બિલ્લી કહે : એ તો માળા છે.

ઉંદર કહે : હું સાથે આવું?



બિલ્લી કહે : ચાલ ને ભાઈ, જાત્રા કરવા આવીશ તો પુણ્ય મળશે.

ઉંદર કહે : પણ મને મારશો તો નહીં ને?

બિલ્લી કહે : ના રે ભાઈ! મારાથી તો હવે કોઈને મરાય? હું તો હવે ભગત થઈ છું.

જો ને, મારા ગળામાં માળા છે તે. હું તો જાત્રાએ જાઉં છું.

પછી ઉંદર બિલ્લીબાઈની સાથે જાત્રાએ ચાલ્યો. આગળ જતાં બિલ્લીબાઈને એક મોર મળ્યો. મોર બિલાડીને કહે : બિલ્લીબાઈ બિલ્લીબાઈ ક્યાં ચાલ્યાં?

બિલ્લી કહે : જાત્રા કરવા. ચાલ ને ભાઈ તું પણ! જાત્રા કરવા આવીશ તો પુણ્ય મળશે.

મોર કહે : પણ મને મારશો તો નહીં ને?

બિલ્લી કહે : ના રે ભાઈ! મારાથી તો હવે કોઈને મરાય? હું તો હવે ભગત થઈ છું.

જો ને, મારા ગળામાં માળા છે તે. હું તો જાત્રાએ જાઉં છું.

પછી મોર પણ બિલ્લીબાઈ સાથે જાત્રાએ ચાલ્યો. બધાંય સાથે ચાલ્યાં. ચાલતાં ચાલતાં એક મહાદેવના મંદિર પાસે આવ્યાં. સાંજ પડી ગઈ હતી. એટલે સૌ મંદિરમાં રાત રહ્યાં.

પારેવાં, ઉંદર અને મોર તો રસ્તામાં ચણતાં ચણતાં અને ખાતાં આવતાં હતાં. પણ બિલ્લીબાઈને તો નકોરડો ઉપવાસ હતો. પોતે તો ભગત બની હતી. એટલે કેમ ખવાય?

તેથી ભૂખી બિલાડીએ બધાને ખાઈ જવાનો વિચાર કર્યો. તેણે સૌને કહ્યું, ''તમે સૌ મંદિરમાં સૂઓ. હું બહાર સૂઈશ ને તમારી ચોકી કરીશ.''

બીજે દિવસે વહેલી સવારે બિલ્લી ચાર ઉંદરને ખાઈ જાય છે. બધાં જ પારેવાં, મોર, ઉંદર જે જાત્રામાં આવ્યાં હોય છે. તેમાંથી ચાર ઉંદર ઓછા થાય છે. તેને બધાં ગોતે છે. ત્યારે બિલ્લી કહે છે, ''હું તો કાલે જાત્રાએ હતી, મારે કાલે ઉપવાસ હતો. આજે ક્યાં હું ભકતાણી છું!''





નાનું એવું એક ગામ હતું. એમાં બધાંય માણસો અજડ! કોઈ કંઈ સમજે નહિ ને કોઈ કંઈ સાંભળે નહિ, એકેય ચીજને ઓળખેય નહિ ને કોઈનું નામ આવડેય નહિ.

એક વખત ચોમાસામાં એક માણસના ફળિયામાં દેડકું આવ્યું અને ડ્રાઉં ડ્રાઉં બોલવા લાગ્યું.

આ ગામમાં દેડકું કોઈએ કોઈ દિવસ જોયેલું નહિ. એટલે આખા ગામના માણસો એકઠા થયા અને વાંકા વળીને નીરખી નીરખીને બધા જોવા લાગ્યા. સૌને થયું કે આ જનાવર કયું હશે? કોઈ જ ઓળખી ન શક્યું. સૌ ગાવા લાગ્યાં.

આ જનાવર કેવું જી?<br>
ખબર હોય એ કે'જો જી.<br>
ડ્રાઉં ડ્રાઉં એ બોલે જી.<br>
આ જનાવર કેવું જી.<br>
ખબર હોય એ કે'જો જી.

એવામાં એક માણસ બોલ્યો - 'કાગડો હશે કાગડો.'

થોડીવારમાં તો દેડકું કૂદતાં-કૂદતાં ખાબોચિયા પાસે પહોંચ્યું. બધાં આંખો ફાડી-ફાડીને જોવા લાગ્યાં. અને પછી સૌ બોલ્યાં.

ડ્રાઉં ડ્રાઉં એ બોલે જી,<br>
કૂદમકૂદ ચાલે જી.<br>
આ જનાવર કેવું જી.<br>
ખબર હોય એ કે'જો જી.

આ સાંભળી બીજો કહે, ''એ તો વાંદરો હશે, વાંદરો. ચોમાસું છે એટલે વગડામાંથી આવી ચડ્યો હશે.

એવામાં દેડકાભાઈ ખાબોચિયામાં તરવા લાગ્યા, બધાંને આશ્ચર્ય થયું અને સૌ બોલ્યાં.

ડ્રાઉં ડ્રાઉં એ બોલે જી,
કૂદમ કૂદ એ ચાલે જી.
પાણીમાં એ તરતું જી.
ખબર હોય એ કહેજો જી.

સાંભળીને ત્રીજો કહે : ''અરે ભાઈ! એ તો બગલું હશે બગલું. તમને શી ખબર પડે?''

તો એકે કહ્યું : ''અરે ભાઈ ! બોલાવોને આપણા જેઠાદાદાને! જેવું હશે એવું કહેશે. એ ઘરડું માણસ છે. એણે બધું જોયું જાણ્યું હશે. આપણે તે શું સમજીએ?

સૌ જેઠાદાદાને બોલાવવા દોડ્યા. જેઠાદાદા તો રાડો નાખતા આવ્યા : ''અલ્યા ઓ, હવે તો કંઈ શીખો! હું કાંઈ અમર થોડો છું તે તમને કાયમ બધું કહ્યા કરીશ?''

જેઠાદાદા દેડકા પાસે આવ્યા અને આંખ આગળ હાથ લઈ જઈને દેડકાને બરાબર જોઈને ધીરે રહી બોલ્યા.

ચપટી દાણા નાખો જી.
એની પરખ કરો જી.
ચણે તો જાણો ચકલી જી.
નહીં તો માનો મોર જી.

પછી દાણા નાખ્યા પણ દેડકું તે થોડું કંઈ ચણે? આ બધો તાલ જોઈને દેડકું બોલ્યું.

હાંક્યે ન રાખો જેઠાજી
તમે પડ્યા છો ખોટાજી
ડ્રાંઉ ડ્રાંઉ હું બોલું જી,
કૂદમ કૂદ હું ચાલું જી.
પાણીમાં હું તરું જી.
અમે મોજીલા દેડકાજી.



## ૯ છમવડું

એક હતું શહેર. તેમાં એક નાનકડો પરિવાર રહે. તાવિથાભાઈ, એમનાં પત્ની કડછીબહેન. એમને બે બાળકો. એમનાં બાળકોનાં નામ ટબુડી અને વાટકો. એક દિવસ તાવિથાભાઈને વડાં ખાવાનું મન થયું. તાવિથાભાઈએ એમના મનની વાત કડછીબહેનને કહી પણ રસોડામાં તો વડાંનો લોટ થોડો જ હતો. એમાંથી માત્ર સાત વડાં બની શકે તેમ હતાં.

કડછીબહેને વડાં બનાવવા માટે લોટ પલાળ્યો અને ખીરું તૈયાર કર્યું અને વડાં બનાવવાની શરૂઆત કરી. ગૅસ પર લોઢી મૂકીને ટીપું તેલ મૂકી વડું કર્યું. વડું લોઢીમાં મૂક્યું ત્યાં તો છમ છમ અવાજ આવ્યો. એવામાં બારણા પાસે એક ગાય આવી અને ભાંભરવા લાગી. કડછીબહેનનો કાયમથી નિયમ કે ગાયને પહેલાં ખવરાવવું. એટલે નિયમ મુજબ પહેલું વડું ગાયને આપી દીધું. કડછીબહેન બીજું વડું બનાવે ત્યાં ફરીથી અવાજ આવ્યો, 'છમ છમ...છમ!' અને એટલામાં એક કૂતરો આવ્યો. ટબુડી આવીને મમ્મીને કહે "એક છમવડું મારે કૂતરાને આપવું છે!" એટલે બીજું છમવડું કડછીબહેને ટબુડીને આપ્યું. ટબુડીએ છમવડું કૂતરાને આપ્યું. કૂતરો



રાજીરાજી થઈને પૂંછડી પટપટાવવા લાગ્યો અને વડું ખાઈને ચાલ્યો ગયો.

કડછીબહેન ત્રીજા છમવડાની તૈયારી કરતાં હતાં ત્યાં ઘરે મહેમાન આવ્યા. તાવિથાભાઈના મિત્ર ચમચાભાઈ અને ચમચીબહેન અને એમની નાની બાળકી પ્યાલી. કડછીબહેને છમવડું બનાવ્યું ત્યાં જ અવાજ આવ્યો, 'છમ છમ...છમ!' ત્યાં તો ચમચાભાઈ બોલ્યા, ''કડછીભાભી! સુગંધ તો બહુ જ સરસ આવે છે! અમને પણ વડાં ચખાડોને!'' કડછીબહેને હસીને ત્રણ છમવડાં ચમચાભાઈ, ચમચીબહેન અને વહાલી પ્યાલીને આપ્યાં. મહેમાનના ગયા પછી કડછીબહેને વડું બનાવ્યું અને ટબુડી અને વાટકાને જમાડ્યાં. પછી બીજું વડું કરીને તાવિથાભાઈ અને કડછીબહેન બેય જમ્યાં અને પાણી પીધું. રાત્રે બધાં શેરીમાં બેસવા ગયાં. ત્યારે ટબુડી અને વાટકો રમવા લાગ્યાં. એટલામાં કૂતરો પૂંછડી પટપટાવતો ટબુડી પાસે આવ્યો અને રમવા લાગ્યો. ગાય આવીને ટબુડીને વહાલ કરવા લાગી. હવે તો ગાય, કૂતરો, ટબુડી અને વાટકો ખૂબ જ સરસ મિત્ર બની ગયાં.



# ૧૦ રાજા સૂપડકર્ણો

એક નગર હતું. એ નગરમાં એક રાજા રાજ્ય કરતો હતો. એ ઘણીવાર જંગલમાં ફરવા જાય. એક દિવસ રાજાને સસલાં રમવા જવાનું મન થયું. રાજાએ તો સૈન્ય તૈયાર કરાવ્યું અને સસલાં રમવા નીકળ્યા. જંગલમાં પહોંચી સસલાં રમતાં-રમતાં એક સસલાને હથિયાર જોરથી વાગી ગયું અને સસલું તો ત્યાં ને ત્યાં જ બેભાન થઈ ગયું. આવું થવાથી જાણે પાપ લાગ્યું હોય તેમ તરત જ રાજાના કાન સૂપડા જેવા થઈ ગયા. રાજા તો વિચારમાં પડી ગયો કે હવે શું કરવું? એ તો રાતના અંધારામાં જ ચૂપચાપ મહેલમાં પેસી ગયો. તરત જ પ્રધાનને બોલાવીને હકીકત જણાવીને કહ્યું - ''પ્રધાનજી! તમે કોઈને આ વાત કહેશો નહીં અને કોઈને પણ મારી પાસે આવવા દેશો નહીં!'' પ્રધાનજીએ રાજાની આજ્ઞા તો માની પણ આ વાત કોઈને પણ ન કહેવાથી એના પેટમાં દુઃખવા લાગ્યું. પ્રધાનજી ખૂબ જ મૂંઝવણમાં મુકાઈ ગયા. અંતે એમણે વિચાર્યું કે આ વાત હું ઝાડને કહી દઉં. જેથી મારા પેટનો દુઃખાવો પણ મટી જશે, અને ઝાડ થોડું કોઈને કહેવાનું?

પ્રધાનજી તો ઝાડ પાસે જઈ બોલ્યા...

''રાજા સસલા રમવા જાય  
ભૂલથી હથિયાર છૂટી જાય  
સસલાભાઈને વાગી જાય  
રાજાજીને સજા થાય  
કાન તેના મોટા થાય''

થોડા દિવસ વીતી ગયા. રાજાના મહેલમાં



નવાં વાજિંત્રો બનીને આવ્યાં. રાજાએ એ બધાં વાજિંત્રો વગાડવા કહ્યું. વાજિંત્રો જેવાં વગાડવા જાય ત્યાં તો એમાંથી એક જ અવાજ આવ્યો.

''રાજા સૂપડકર્ણો છે ભાઈ!

રાજા સૂપડકર્ણો છે ભાઈ

તબલાં આ રીતે વારંવાર જોરથી બોલવા લાગ્યાં. ત્યાં તો સારંગી ઝીણે સૂરે લલકારવા લાગી;

''તને કોણે કીધું?,

તને કોણે કીધું?''

ત્યાં તો ઢોલકી ઊંચી-નીચી થઈ ઢબક-ઢબક બોલવા લાગી,

''પ્રધાનજીએ, પ્રધાનજીએ.''

રાજા તો આ વાત સમજી ગયો. એટલે તેણે તરત જ પ્રધાનને બોલાવ્યા અને પૂછ્યું - ''તમે મારા કાન વિશે કોઈને કંઈ કહ્યું છે?'' પ્રધાને હાથ જોડીને કહ્યું - ''મહારાજ! મેં મોઢેમોઢ તો કોઈને નથી કહ્યું, પણ આ વાત કોઈને ન કહેવાથી મને પેટમાં ખૂબ જ દુઃખવા લાગ્યું હતું. તેથી મેં તો ફક્ત ઝાડને જ આ વાત કહી હતી. મને શી ખબર કે તેમાંથી બનેલાં વાજિંત્રો પણ બોલવા લાગશે!''

રાજા સમજી ગયા. એમને પારાવાર પસ્તાવો થયો. પોતે ભવિષ્યમાં ક્યારેય પણ કુદરતી વસ્તુઓને હાનિ નહીં પહોંચાડે એવો નિયમ લીધો. રાજાએ લીધેલા નિયમથી થોડા જ દિવસોમાં તેમના કાન પહેલાં હતા એવા થઈ ગયા.



# ૧૧ કમાલની કમાણી

એક હતા પોપટભાઈ. ખૂબ મોજીલા. દિવસ આખો ફર્યા કરે અને ખાઈ-પીને મજા કરે. કામનું તો નામ જ નહિ. એક દિવસ પોપટભાઈના ઘરે તેમનાં કાકી આવ્યાં. કાકી કહે - ''પોપટભાઈ! કંઈ કામ કરો છો કે નહીં?''

પોપટભાઈ કહેવા લાગ્યા

''અમે પોપટભાઈ લહેરીલા

વાતે વાતે પોરહીલા

આંબાડાળે ઝુલનારા

જમરૂખ મરચાં ખાનારા''

કાકી તો કંઈ પણ બોલ્યા વિના ચાલ્યાં ગયાં. પછી પોપટભાઈનાં ફોઈ આવ્યાં. તેમણે પણ એ જ સવાલ પૂછ્યો. પોપટભાઈ તો મોજમાં ને મોજમાં બોલ્યા.

''અમે પોપટભાઈ લહેરીલા

વાતેવાતે પોરહીલા

આંબાડાળે ઝુલનારા

જમરૂખ-મરચાં ખાનારા

પછી તો દાદીમા આવે કે મોટી બહેન, બધાંને એક રાગે પોપટભાઈ પોતાનું મોજીલું ગીત સંભળાવતા. તેમનો આવો મોજીલો સ્વભાવ જોઈ માને ખૂબ ચિંતા થઈ. એમાં વળી કુટુંબીજનો મહેણાં મારે! એટલે માતાએ પોપટભાઈને કહી



દીધું - "બેટા! તારે હવે કંઈ કામ કરવું જોઈએ. પોપટભાઈને માતાની વાતનું લાગી આવ્યું અને તેમણે બીજે દિવસે સવારે જ કમાવા માટે નીકળી પડવાનું નક્કી કર્યું.

સવાર થતાંની સાથે જ પોપટભાઈ તૈયાર થઈ ગયા. તેમણે માતાના આશીર્વાદ લીધા અને કમાવા માટે નીકળી પડ્યા. ઊડતાં-ઊડતાં ખૂબ દૂર નીકળી ગયા. ત્યાં એક મોટું સરોવર આવ્યું. સરોવર કિનારે એક આંબો હતો. તેના ઉપર પોપટભાઈ બેઠા. આંબે તેઓ સરસ મજાની કેરી ખાય, અને મનમાં વિચાર કરે કે કમાવા માટે તો આવ્યો છું પણ પૈસા કમાવા કેવી રીતે? ત્યાં તો ગાયોનો ગોવાળ નીકળ્યો. ગોવાળને ખૂબ ભૂખ લાગી હતી. આજુ-બાજુ જોયું તો આંબાનું ઝાડ દેખાયું અને ઝાડની ડાળીએ ઝૂલતા પોપટભાઈ પણ દેખાયા. ગોવાળ તો પોપટભાઈને જોઈ બોલ્યા.

"ઓ મોજીલા પોપટભાઈ<br>
આંબે ઝૂલતા પોપટભાઈ<br>
આપો કેરી, ભાંગે ભૂખ<br>
ગાય લઈને પામો સુખ"

પોપટભાઈએ તો ગાયના ગોવાળને કેરીઓ આપી. કેરી ખાઈને ગાયોનો ગોવાળ રાજી-રાજી થઈ ગયો અને તેણે પોપટભાઈને એક ગાય આપી. થોડીવાર થઈ એટલામાં ત્યાંથી ભેંસોનો ગોવાળ નીકળ્યો. એ ખૂબ થાકેલો હતો અને ભૂખ પણ બહુ લાગી હતી. એણે જોયું તો આંબાના ઝાડ પર પોપટભાઈ બેઠા હતા અને ગાતા હતા,



"આંબાની ડાળીએ લીલા પોપટ
કેરીઓ ખાય છે પટ પટ પટ"

ભેંસોના ગોવાળને મૂંઝાયેલો જોઈ પોપટભાઈએ પૂછ્યું, "શું થયું ભાઈ કેમ મૂંઝાયા?" ભેંસોનો ગોવાળ કહેઃ

"ઓ મોજીલા પોપટભાઈ
આંબે ઝૂલતા પોપટભાઈ
આપો કેરી, ભાંગે ભૂખ
ભેંસ લઈને પામો સુખ"

પોપટભાઈએ હા કહીને ભેંસોના ગોવાળને કેરી આપી. ગોવાળ તે ખાઈને રાજી થઈ ગયો અને તેણે પોપટભાઈને સરસ મજાની ભેંસ આપી. થોડીવાર પછી ઊંટની વણજાર લઈ ઊંટવાળો નીકળ્યો. તે પણ ખૂબ થાકી ગયો હતો એટલે વિશ્રામ કરવા આંબા નીચે બેઠો. ત્યાં તો પોપટભાઈ બોલ્યા, "કેમ, આજે ખૂબ થાક્યા લાગો છો!"

"હા" ઊંટવાળા ભાઈ બોલ્યા.

"ઓ મોજીલા પોપટભાઈ
આંબે ઝૂલતા પોપટભાઈ
આપો કેરી, ભાંગે ભૂખ
ઊંટ લઈને પામો સુખ"

પોપટભાઈએ ઊંટવાળાને પણ કેરીઓ આપી. ઊંટવાળાએ પોપટભાઈને રાજી થઈને એક ઊંટ આપ્યું. પછી તો બધાં પશુઓને લઈને ઊંટ પર સવાર થઈને પોપટભાઈ ઘરે જવા નીકળ્યા. વચ્ચે તેમને રાજાની સવારી સામી મળી. રાજા વિચારવા લાગ્યા. આ નાનકડા પોપટભાઈ પાસે આટલું સરસ પશુધન અને આ ઊંટસવારી ક્યાંથી? આ બધું તેને શું કામનું? તે બોલ્યા : "અરે પોપટભાઈ! તમે આ ગાયો-ભેંસોનું શું કરશો? તમે તે મને આપી દો!" પોપટભાઈ કહે : "રાજાજી! જો તમને આ પશુધન આપું તો મારી માને શું જવાબ દઉં?" રાજાએ તરત કહ્યું : "અરે! પોપટભાઈ એમાં શું મૂંઝાવું? લો, આ હીરાજડિત હાર."

પોપટભાઈએ તો પશુઓ રાજાને આપી દીધાં. રાજાએ તેમને હાર આપ્યો. પોપટભાઈ તો રાજીના રેડ થઈ ગયા અને ઘરે પહોંચ્યા. બારણું ખખડાવ્યું.

બારણાં ઉઘાડો,
મા! બારણાં ઉઘાડો!
ઢોલિયા ઢળાવો!
મા! શરણાઈઓ વગડાવો!
કમાઈને પોપટ આવ્યો છે.
હીરાજડિત હાર લાવ્યો છે."

પોપટની માતા તો રાજી રાજી થઈ ગઈ. એણે તરત દોડીને બારણું ઉઘાડ્યું અને મીઠો આવકાર આપ્યો. પછી તો મા-દીકરો રાજીખુશીથી જીવન જીવવા લાગ્યાં.



૧૨

# ત્રીજું કોણ?



ચારે પ્રવાસીઓએ રાજકન્યાની હોંશિયારીની વાત સાંભળી. મનમાં થયું : ''આવી રાજકન્યા સાથે વાત કરવી જોઈએ.''

એક હતી રાજકન્યા. એ ઘણી જ હોશિયાર અને ડાહી હતી. ભલી ને દયાળુ પણ એવી જ! અને હા, સાથે સાથે ભણેલી ગણેલી પણ!

રાજા જેવા રાજા એને પૂછીને વાત કરે! રાણી જેવી રાણી એને પૂછીને પગ મૂકે.

ગરીબ ગુરબાં તો કે' રાજકન્યાને આશરે, રોગી-દોગી તો કે' રાજકન્યાને પનારે.

રાજાથી રંક સુધી સૌને રાજકન્યા વહાલી; સૌ એનાં બે-બે મોંઢે વખાણ કરે. સૌ ભગવાન પાસે માગે - ''હે ભગવાન! રાજકન્યાને તાજીમાજી રાખજે અને સો વરસની કરજે!''

એક વાર એ ગામમાં મોટા પંડિતો જેવા ચાર પ્રવાસી આવ્યા.

ચારે જણા વિચાર કરવા બેઠા : ''કેમ કરશું?''

એક કહે : ''રાજયના અન્નક્ષેત્રમાં ચાલો. ત્યાં એ મળશે ને ત્યાં વાત થશે.''

ચારેય જણ અન્નક્ષેત્રમાં ગયા : સૌની સાથે ખાવા બેઠા. એટલામાં રાજકુમારી ત્યાં આવી. પ્રવાસીઓ સામે જોઈને બોલી : ''ભાઈ! તમે અહીં કેમ? તમે કાંઈ સદાવ્રતમાં ખાઓ તેવા લાગતા નથી. તમે કોણ છો?''

પહેલો કહે : ''હું એક મુસાફર છું.''

કન્યા કહે : ''ખોટી વાત. આ દુનિયામાં બે જ મુસાફર છે. તું ત્રીજો કોણ?''

પહેલો પ્રવાસી અચંબો પામી ગયો.

ત્યાં જ રાજકન્યાની નજર બીજા પ્રવાસી પર પડી. અને રાજકન્યાએ પૂછ્યું : ''અરે ભાઈ? તું કોણ છે? તું કોઈ સદાવ્રતમાં જમે એવો જણાતો નથી!''

બીજા પ્રવાસીએ કહ્યું : ''હું પરોપકારી માણસ છું.'' રાજકન્યા કહે : આ દુનિયામાં બે જ જણ પરોપકારી છે. તું વળી ત્રીજો કોણ?'' બીજા પ્રવાસીએ ઘણા ઘણા વિચાર કર્યા પણ તે કોઈ ઉત્તર આપી શક્યો નહિ.

વળી પાછી રાજકુમારીની નજર ત્રીજા પ્રવાસી પર પડી એટલે એને પણ રાજકન્યાએ પૂછ્યું : ''ભલા! તમે અહીં કેમ? અહીં તો માત્ર સદાવ્રતમાં ખાનારાઓ આવે છે! તમારી સ્થિતિ એવી તો જણાતી નથી!''

ત્રીજો માણસ કહે : ''હું એક સુખી માણસ છું.''

રાજકન્યા કહે : ''ભાઈ ! આ દુનિયામાં સુખી બે જ જણા છે, તું ત્રીજો વળી ક્યાંથી?''

મુસાફર વિચારમાં પડી ગયો. કંઈ જ ઉત્તર આપી શક્યો નહીં. બીજાઓની જેમ તે પણ નીચું મોઢું કરી બેસી ગયો.

ત્રણેય પ્રવાસીઓ માથું ખંજવાળવા લાગ્યા. ઘણા વિચાર કર્યા પણ કંઈ સૂઝ્યું નહીં.

ત્યાં જ રાજકન્યાની નજર પેલા ચોથા પ્રવાસી પર પડી. રાજકન્યાએ તેની સામે જોઈને



પૂછ્યું : "અરે, તું કોણ છે? અહીં શું કામ છે?"

ચોથો કહે : "હું એક મૂર્ખ છું."

કન્યા કહે : "આ દુનિયામાં માત્ર બે જ મૂર્ખ છે. તું ત્રીજો ક્યાંથી?"

બિચારો ચોથો મુસાફર પણ કંઈ જવાબ આપી શક્યો નહીં. તે ઉતારા ભણી ચાલી નીકળ્યો.

ચારે જણાએ ઘણા વિચાર કર્યા, ઘણાં શાસ્ત્રો જોયાં. કાંઈ જડ્યું નહીં. પછી તો ચારે રાજકન્યા પાસે ગયા ને એણે પૂછેલા સવાલોના જવાબો એની જ પાસેથી માગ્યા.

રાજકન્યા જ્યાં ચારે પ્રવાસીઓ સાથે વાત કરતી બેઠી છે ત્યાં રાજાનો પ્રધાન આવ્યો ને ચારે જણાને પકડ્યા.

રાજકન્યા વિચારમાં પડી. તરત જ પોતે રાજમહેલમાં ગઈ ને રાજાને કારણ પૂછ્યું. રાજા કહે : "પ્રધાન કહે છે કે એ લોકો જાસૂસો છે, પારકા રાજ્યમાંથી આવેલા છે. એમને મહેલમાં કેમ તેડાય? એમને મારે સજા દેવી પડશે."

રાજકન્યા કહે : "બહુ સારું, એમાં શું! પણ એમને મેં ચાર સવાલ પૂછ્યા છે, ને એમને એ આવડ્યા નથી. મારે એના જવાબ દેવાના છે. એ કામ થઈ રહે એટલો વખત છૂટ આપો."

રાજા કહે : "સવાલ? સવાલ શાના? કયા સવાલ?"

રાજાની રાજકુંવરીએ પોતાના ચારે સવાલો કહી સંભળાવ્યા. રાજા પણ મૂંઝાઈ ગયા. તેમણે પોતે પણ ઘણો વિચાર કર્યો, પણ જવાબ ન જડ્યા. છેવટે રાજા કહે : ત્યારે તું જ હવે એના જવાબ આપ."

રાજકુંવરીએ તો રાજકચેરી ભરાવી.

પેલા પ્રવાસીઓને પણ કચેરીમાં હાજર કરવામાં આવ્યા. તેમના હાથપગમાં બેડીઓ હતી ને ઊંધે મોંએ બેઠા હતા.

કુંવરીએ મુસાફરોને પૂછેલા સવાલો સૌને પૂછ્યા : કોઈ જવાબ આપી ન શક્યું. કુંવરી પછી પોતે જ જવાબ આપવા બેઠી. સૌ અચંબાથી જોઈ રહ્યાં.

કુંવરી કહે : "આ જગતમાં બે જ મુસાફર છે!"

"એક સૂર્ય અને એક ચંદ્ર"

બધાંએ હા ભણી.

કુંવરી કહે : "આ જગતમાં બે જ જણ પરોપકારી છે : એક વૃક્ષ અને એક નદી."

સૌએ વળી હા કહી. પછી રાજકુમારીએ ત્રીજા પ્રશ્નનો જવાબ આપ્યો. "આ જગતમાં બે જણ સુખી છે. એક જે જન્મ્યો નથી તે ને બીજો મૃત્યુ પામ્યો છે તે!" સૌએ હા પાડી. એ પછી રાજકન્યાએ ચોથા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું : "આ જગતમાં બે જ મૂર્ખ છે! પહેલો એ કે જે એમ માને છે કે હું બધું જ જાણું છું અને બીજો એ કે જે એમ માને છે કે હું કશું જ જાણતો નથી!"

રાજકુંવરીની હોશિયારી જોઈને સૌ રાજી થઈ ગયાં. રાજાએ ચારે પંડિતોને છોડી મૂક્યા.

# ટીડો જાણકાર

એક સરસ મજાનું ગામ હતું. એ ગામમાં ટીડો જાણકાર રહે.

એક દિવસ ટીડાજી એક ગામથી બીજે ગામ જવા નીકળ્યા. રસ્તામાં એમણે બે ધોળા બળદને એક ખેતરમાં ચરતા જોયા. આ વાત એમને યાદ રહી ગઈ.

ટીડાજી તો બીજે ગામ પહોંચ્યા અને ભોળાભાઈને ઘરે ઉતારો કર્યો. ત્યાં તો પવન વેગે આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે આપણા ગામમાં ટીડાજી આવ્યા છે અને ખૂબ જ જાણકાર છે. સમાચાર મળતાં જ રામજીભાઈ અને તેમનાં પત્ની દોડતાં આવ્યાં ને ટીડાજીને કહે : ''ટીડાજી! અમારા બે ધોળા બળદ ખોવાયા છે. તે કઈ દિશામાં ગયા હશે તેની ઝટઝટ જાણકારી આપો ને?''

ટીડાજીએ તો શાંતિથી વાત સાંભળી અને મોબાઈલમાં જોઈને કહ્યું - ''રામજીભાઈ! તમારા બળદ આથમણી સીમના ખેતરમાં છે, ત્યાંથી લઈ આવો!'' રામજીભાઈ તો બતાવેલા ખેતરે ગયા એટલે તેમને બળદ મળી ગયા. તેઓ તો રાજીરાજી થઈ ગયા અને ટીડાજીને સારી ભેટ આપીને ખુશ કર્યા.

બીજે દિવસે ટીડા જાણકારની પરીક્ષા કરવા ભોળાભાઈએ પૂછ્યું : ''ટીડાજી! તમે જો સાચા જાણકાર હો તો કહો, આજે ઘરમાં કેટલા રોટલા થયા છે?'' ટીડાજીને કંઈ કામ ન હતું એટલે રોટલા બનતા હતા ત્યારે થતા ટપાકા ગણાતા હતા! ટપાકા ઉપરથી એમણે ગણી રાખેલું કે કુલ તેર રોટલા થયેલા છે. સવાલ સાંભળી તેમણે



મોબાઈલમાં જોવાનો ડોળ કરી કહ્યું - ''ભોળાભાઈ! આજે તમારા ઘરમાં તેર રોટલા થયા છે!''

ભોળાભાઈએ પત્ની ભોળીબેનને પૂછી જોયું તો ટીડાજીની વાત સાવ સાચી નીકળી. એમની નવાઈનો પાર ન રહ્યો.

આ બે બનાવથી ટીડા જાણકારની કીર્તિ આખા ગામમાં ફેલાઈ, ને સૌ ટીડાજી પાસે મોબાઈલમાં જોવરાવવા આવવા લાગ્યા. એટલામાં ત્યાંના રાજાની રાણીનો નવલખો હાર ખોવાયો. રાજાએ ટીડા જાણકારની કીર્તિ સાંભળી હતી, એટલે તેમણે પણ ટીડા જાણકારને તેડાવ્યા.

રાજાએ ટીડાજીને કહ્યું - ''જુઓ, ટીડાજી! રાણીનો હાર ક્યાં છે અથવા તો કોણ લઈ ગયું છે તે જોશ જોઈને કહો. હાર જડશે તો તમને ઘણા રાજી કરીશું!''

ટીડાજી મૂંઝાયા. જરા વિચારમાં પડ્યા. રાજાએ કહ્યું : ''આજની રાત તમે અહીં રહો, ને રાત આખી વિચાર કરીને સવારે કહેજો. પણ જો ખોટા પડશો તો બહુ આકરી સજા કરીશ!''

ટીડાજી તો વાળુ કરીને પથારીમાં પડ્યા પણ ઊંઘ ન આવે. એમના મનમાં ભય હતો કે નક્કી સવારે બહુ આકરી સજા થશે. બીક અને ચિંતાને લીધે ટીડાજીને નીંદર નહોતી આવતી એટલે તે નીંદરને બોલાવવા લાગ્યા : ''નીંદરડી! આવ; નીંદરડી! આવ!''

હવે વાત એમ હતી કે રાજાની રાણી પાસે નીંદરડી નામની દાસી રહેતી હતી ને તેણે જ



હાર ચોર્યો હતો. ટીડા જાણકારને ''નીંદરડી! આવ! નીંદરડી! આવ!'' એવું બોલતા એણે સાંભળ્યા એટલે તે એકદમ ગભરાઈ ગઈ. એને લાગ્યું કે ટીડા જાણકાર મારું નામ જાણી ગયા લાગે છે. નીંદરડીએ બચી જવાનો વિચાર કરી સંતાડેલો હાર બહાર કાઢ્યો અને ટીડાજી પાસે છાનીમાની ગઈ અને બોલી : લ્યો ટીડાજી! આ ખોવાયેલો હાર. હારનું ગમે તે કરજો પણ મારું નામ હવે લેશો નહિ. ટીડા જાણકાર મનમાં ખુશ થયા કે આ ઠીક થયું : નીંદરને બોલાવતાં આ નીંદરડી આવી અને સામેથી હાર આપી ગઈ! ટીડાજીએ નીંદરડીને કહ્યું : ''જો, આ હાર રાણીના ઓરડામાં તેમના પલંગના ઓશીકા નીચે મૂકી આવ!'' નીંદરડી તો ટીડાજીના કહેવા મુજબ હાર રાણીના પલંગના ઓશીકા નીચે મૂકી આવી.

સવાર પડી એટલે રાજાએ ટીડા જાણકારને બોલાવ્યા. ટીડાજી તો ઢોંગ કરી એક-બે સાચા ખોટા શબ્દો બોલ્યા અને પછી મોબાઈલમાં જોઈને આંગળીના વેઢા ગણી બોલ્યા - ''રાજા! રાણીનો હાર ક્યાંય ખોવાયો નથી. તપાસ કરાવો. રાણીના ઓરડામાં જ તેમના પલંગમાં ઓશીકા નીચે હાર પડ્યો છે! મેં હારનું લોકેશન સર્ચ કર્યું છે.''

તપાસ કરાવતાં હાર ત્યાંથી જ મળ્યો. રાજા ટીડાજી પર ખુશ થયા અને તેમને સારું ઈનામ આપ્યું.

થોડા દિવસ વીતી ગયા. ટીડાજી તો રાજાના મહેમાન થઈને ટેસથી રહેતા હતા. રાજાએ એકવાર ટીડા જાણકારની વધારે પરીક્ષા કરવા એક યુક્તિ રચી. ટીડા જાણકારને લઈને રાજા એકવાર જંગલમાં ગયા. ટીડાજીની નજર બીજે હતી એટલી વારમાં રાજાએ પોતાની મુઠ્ઠીમાં એક તીડ પકડી લીધું ને પછી પોતાની બંધ મુઠ્ઠી બતાવી ટીડાને કહ્યું - ''કહો ટીડાજી! આ મુઠ્ઠીમાં શું છે? જોજો, ખોટું પડશે તો માર્યા જશો!''

ટીડા જાણકાર હવે પૂરા ગભરાયા. તેમણે વિચાર કર્યો કે હવે ભરમ ઉઘાડો થશે. હવે તો રાજા જરૂર મારશે. બીકમાંને બીકમાં બધી સાચી વાત રાજાને કહી દેવા ને રાજાની માફી માગવા માટે બોલ્યા -

ટપટપ કરતાં તેર જ ગણ્યા
વાટે આવતાં ધોરી મળ્યા;
નીંદરડીએ આપ્યો હાર
કાં રાજા ટીડાને માર?

ટીડાજી જ્યાં, 'કાં રાજા ટીડાને માર?' એમ બોલ્યા ત્યાં તો રાજાના મનમાં થયું કે ટીડાજી તો ખરેખર સાચા જાણકાર છે. રાજાએ તો પોતાના હાથમાંથી તીડ ઉડાડી કહ્યું - વાહ, ટીડાજી! તમે તો મારા હાથમાં તીડ હતું તે પણ જાણી ગયા!''

ટીડો જાણકાર મનમાં સમજી ગયા કે આ તો મરતાંમરતાં બચ્યા ને સાચા જાણકાર ઠર્યા! પછી રાજાએ ટીડાજીને મોટું ઈનામ આપ્યું અને તેમને ત્યાં નોકરી આપી. ટીડા જાણકાર તો રાજીખુશીથી ત્યાં રહેવા લાગ્યા.

# બોલે તે બે ખાય!

લાડુપુર નામનું ખૂબ જ રળિયામણું ગામ. એ ગામમાં રહે જગુ અને મગુ. બંને પાકા ભાઈબંધ અને ખૂબ જ મજા કરે.

જગુ અને મગુ મનમાં વિચાર કરે છે, કે આપણા ને આપણા ઘરમાં જમીજમીને થાકી ગયાં છીએ. ચાલોને ક્યાંક મહેમાનગતિ કરવા જઈએ. પણ ક્યાં જવું તે વિશે બંને વિચારવા લાગ્યા ત્યારે જગુએ કહ્યું કે, ચાલને! આપણે મારા મામાના ઘરે જઈએ અને બંને ભાઈબંધ ઊપડ્યા ચંદુમામાના ઘરે.

ચંદુમામા તો જગુ અને તેના ભાઈબંધને જોઈને ખૂબ જ ખુશ થઈ ગયા. મામીએ કહ્યું કે, ''મેહ અને મહેમાન બંનેનું હરખથી સ્વાગત કરવું જોઈએ. જગુ, હું તો આજે ખૂબ જ રાજી થઈ છું. જગુ! તમે બધાં બાળકો થોડીવાર રમત રમો એટલામાં હું તમારે માટે રસોઈ બનાવીને તૈયાર રાખું છું.'' મામીએ ભાતભાતનાં ભોજન બનાવ્યાં. જગુ તો ખૂબ જ હોંશિયાર. તે રસોડામાં આમતેમ જોવા લાગ્યો ત્યારે એને ખ્યાલ આવ્યો કે લાડવા તો પાંચ જ છે! બંને ભાઈબંધ મૂંઝાયા, હવે શું કરવું? બંનેને સરખા ભાગે લાડવા ખાવા મળશે નહિ. ત્યારે મગુએ કહ્યું કે, ''ચાલ, શરત લગાવ કે જે બોલે તે બે લાડવા ખાય! બોલ, છે મંજૂર?'' જગુએ કહ્યું - ''બરાબર છે!'' અને બંને એક રૂમમાં જઈને છાનામાના સૂઈ ગયા. ભોજન તૈયાર થતાં ચંદુમામા તો જગુ મગુને શોધવા લાગ્યા. જોયું તો બંને એક રૂમમાં સૂતેલા પડ્યા છે. બંનેમાંથી કોઈ કાંઈ બોલે જ નહિ.



ચંદુમામા તો ગભરાઈ ગયા અને ચંદુમામાએ તો ૧૦૮માં ફોન કર્યો અને કહ્યું કે, ''જલદીથી આ સરનામા પર મારા ઘરે આવો. મારા ભાણેજની તબિયત બરાબર નથી. બિચારા મારા ઘરે આવ્યા અને આવા બીમાર થઈ ગયા છે. જલદીથી તેમને હોસ્પિટલ પહોંચાડો. મને ખૂબ જ ડર લાગે છે.'' થોડીવારમાં જ ૧૦૮ આવી. ફટાફટ જગુ અને મગુને સ્ટ્રેચર પર સુવડાવી હોસ્પિટલમાં લાવ્યા છતાં બંનેમાંથી કોઈ કંઈ બોલે નહિ. લાડવા તો ત્રણ જ ખાવા એમ વિચારી બંનેમાંથી કોઈ કાંઈ બોલતું નહોતું. હોસ્પિટલના બેડમાં સૂતાંસૂતાં પણ જગુમગુ કાંઈ બોલે નહિ, માત્ર મનમાં વિચારો કરતા હતા.

મરકમરક મનમાં હસે
બોલે નહિ એ કાંઈ,
બોલે એના બે થશે
ન બોલે, ત્રણ ખાય. '

ડૉક્ટરે આખા શરીરની તપાસ કરી અને પછી કહ્યું - ''આમ તો કોઈ જાતની તકલીફ દેખાતી નથી. પણ મને લાગે છે કે જીભમાં કોઈ તકલીફ હશે. એટલે જગુમગુ કંઈ બોલી શકતા નથી. હવે એમની જીભમાં એક ઈન્જેક્શન આપીએ તો તે બંને બોલી શકે. ડૉક્ટરે સોય લગાવીને ઈન્જેક્શન ભર્યું તોય બંનેમાંથી કોઈ કાંઈ બોલે નહિ. ડૉક્ટર ઈન્જેક્શન દેવા આવ્યા ત્યારે મગુ ડરી ગયો! ઓ બાપ રે! આ સોય ખાવી એના કરતાં બે લાડવા ખાવા સારા અને તેણે રાડ પાડી. જગુ તારા ત્રણ! આ વગર વાંકે સોય ખાવી એના કરતાં તો બે લાડવા ખાવા સારા!''



## ૧૫ ભટુડીબેનનું ઘર



એક હતાં ભટુડીબેન. એમને સાત ભટુડાં હતાં. એકવાર ભટુડીબેનને ઘર બાંધવાનો વિચાર થયો એટલે તેઓ સડક ઉપર જઈને બેઠાં ને માલના ગાડાની રાહ જોવા લાગ્યાં.

એટલામાં એક ગોળનું ગાડું આવ્યું. ભટુડીબેનને રસ્તામાં બેઠેલાં જોઈને ગાડાવાળાએ કહ્યું : ''ભટુડી, ભટુડી! મારગમાંથી ઊઠ!''

ભટુડીબેન કહે : ''ભટુડી, ભટુડી ન કહો, ભટુડીબહેન કહીને બોલાવો. ભટુડીબહેનને ઘર બાંધવામાં મદદ કરો ને ગોળનું ગાડું ઠલવીને જાઓ એટલે મારગમાંથી ઊઠું.''

ગાડાવાળાએ તો ભટુડીબેનને ભટુડીબહેન કહીને બોલાવ્યાં ને ગોળનું ગાડું ઠલવી નાખ્યું એટલે ભટુડીબેન મારગમાંથી ઊઠી ગયાં.

ભટુડીબેન ગોળની ભેલીઓને પછી જંગલમાં લઈ ગયાં.

પાછાં ભટુડીબેન તો સડક પર જઈને બેઠાં ને માલના ગાડાની વાટ જોવા લાગ્યાં. એટલામાં એક શેરડીનું ગાડું આવ્યું. ભટુડીબેનને રસ્તામાં બેઠેલાં જોઈને ગાડાવાળાએ કહ્યું : ''ભટુડી, ભટુડી! મારગમાંથી ઊઠ!''

ભટુડીબેન કહે : ''ભટુડી, ભટુડી ન કહો, ભટુડીબહેન કહીને બોલાવો. ભટુડીબહેનને ઘર બાંધવામાં મદદ કરો ને શેરડીનું ગાડું ઠલવીને જાઓ એટલે મારગમાંથી ઊઠું!''

શેરડીના ગાડાવાળાએ તો ભટુડીબેનને

ભટુડીબહેન કહીને બોલાવ્યાં ને શેરડીનું ગાડું ઠલવી નાખ્યું એટલે ભટુડીબેન મારગમાંથી ઊઠી ગયાં.

ભટુડીબેન શેરડીના સાંઠાનેય જંગલમાં જઈ મૂકી આવ્યાં.

પછી ભટુડીબેન તો સડક ઉપર જઈને બેઠાં. એટલામાં એક કાચલીનું ગાડું આવ્યું. ભટુડીબેનને રસ્તામાં બેઠેલાં જોઈને કાચલીના ગાડાવાળાએ કહ્યું : ''ભટુડી, ભટુડી! મારગમાંથી ઊઠ.''

ભટુડીબેન કહે : ''ભટુડી, ભટુડી ન કહો, ભટુડીબહેન કહીને બોલાવો. ભટુડીબહેનને ઘર બાંધવામાં મદદ કરો ને કાચલીનું ગાડું ઠલવીને જાઓ એટલે મારગમાંથી ઊઠું!''

કાચલીના ગાડાવાળાએ તો ભટુડીબેનને ભટુડીબહેન કહીને બોલાવ્યાં ને કાચલીનું ગાડું ઠલવી નાખ્યું એટલે ભટુડીબેન મારગમાંથી ઊઠી ગયાં.

ભટુડીબેન કાચલીને જંગલમાં લઈ ગયાં. પછી ગોળની ભેલીની ભીંતો બાંધી, શેરડીના સાંઠાનું છાપરું બનાવ્યું ને કાચલીઓથી ઢાંકી લીધું.

પછી ભટુડીબેન પાણી ભરવા ચાલ્યાં. ભટુડાંને કહેતાં ગયાં :

''હું જ્યારે બોલું કે -

'ગોળ કેરી ભીંતલડી

ને શેરડી કેરા સાંઠા;

કાચલીએ ઘર છાયા.

ભટુડાં, બારણાં ઉઘાડો.'

ત્યારે બારણાં ઉઘાડજો.''



વળી ભટુડીબેન ફળિયામાં પડેલી રાખને, સુંડલાને અને પીપળાને પણ ભટુડાંની ભલામણ કરતાં ગયાં.

આ બધી વાત એક વાઘ ઘરની ભીંત પાછળ ઊભો ઊભો સાંભળતો હતો. ભટુડીબેન પાણી ભરવાં ગયાં પછી તે બારણા પાસે આવીને ઊભો રહ્યો ને બોલ્યો :

"ગોળ કેરી ભીંતલડી

ને શેરડી કેરા સાંઠા;

કાચલીએ ઘર છાયા.

ભટુડાં, બારણાં ઉઘાડો."

ફળિયામાં બેઠી હતી તે રાખ કહે : "એલાં ભટુડાં! બારણાં ઊઘાડશો મા, હોં કે? એ તો વાઘ છે."

પછી વાઘ રાખને દૂર નાખી આવ્યો અને બોલ્યો :

"ગોળ કેરી ભીંતલડી

ને શેરડી કેરા સાંઠા;

કાચલીએ ઘર છાયા.

ભટુડાં, બારણાં ઉઘાડો."

ત્યાં તો સૂંડલો કહે : "ભટુડાં, ભટુડાં! બારણાં ઊઘાડશો મા. એ તમારી મા નથી. એ તો વાઘ છે!"

ત્યાં તો વાઘ પાછો સૂંડલાનેય દૂર નાખી આવ્યો ને ફરી વાર બોલ્યો :

"ગોળ કેરી ભીંતલડી

ને શેરડી કેરા સાંઠા;

કાચલીએ ઘર છાયા.

ભટુડાં, બારણાં ઉઘાડો."

ભટુડાંએ જ્યાં બારણાં ઉઘાડ્યાં ત્યાં તો મોટો વાઘ! વાઘ તો એકદમ ભટુડાંને ખાવા જતો હતો ત્યાં બીતાંબીતાં એક નાનકડું ભટુડું બોલ્યું :

"વાઘમામા! વાઘમામા! અમે ભટુડાં નાનાં;

મા નથી ઘરમાં, રહીએ છીએ છાનાંમાનાં;

હમણાં અમને ખાશો મા, અમને મારશો મા;

ભાત-ભાતનાં ભાથું લઈને આવશે અમારી મા."

વાઘે કહ્યું "હું બહું ભૂખ્યો છું. જો હું તમને ના ખાઉં તો શું ખાઉં?"

એટલામાં તો ભટુડીબેન જંગલમાંથી આવી ગયાં. વાઘને જોઈને ભટુડીબેન કહેવા લાગ્યાં : "વાઘભાઈ, વાઘભાઈ! આવો, આવો! ભટુડાં-ભટુડાં, આમ જુઓ તો કોણ આવ્યું છે? તમારા વહાલા વહાલા વાઘામામા આવ્યા છે!"

વાઘભાઈ! વાઘભાઈ! બહુ દા'ડે આવ્યા મારા ઘરે;

ભાત-ભાતનાં ભોજન કરો ને કરો લીલાલ્હેર!

ભટુડીબેને વાઘભાઈને ભાત-ભાતનાં ભોજન કરાવ્યાં એટલે વાઘ કહેવા લાગ્યો :

ભટુડીબેન! તું તો મારી બહેન છે

તને ખાઈશ નહિ;

ભટુડાં તો મારા ભાણેજ છે

તેમને મારીશ નહિ.

વાઘ તો તાજો-માજો થઈને જંગલમાં જતો રહ્યો. ભટુડાં તો માને વળગી પડ્યાં ને બચબચ ધાવવા લાગ્યાં.




સંકલન અને નિર્માણ

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

**ગુજરાત શૈક્ષણિક**
**સંશોધન અને તાલીમ પરિષદ**
**ગાંધીનગર**

મુદ્રણ

**ગુજરાત રાજ્ય શાળા**
**પાઠ્યપુસ્તક મંડળ**
**ગાંધીનગર**